

॥ શ્રી હરિઃ ॥

श्री हरि:
श्री वल्लभ विश्वविहार एज्युकेशन एन्ड चेरीटेबल ट्रस्ट
आं. पु. वै. परिषद प्रोत्साहित
वैष्णव युवा संगठन
रजि. नं. E 5411 वडोदरा


શ્રી વલ્લભ વિશ્વ વિહાર એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
વૈષ્ણવ યુવા સંગઠન - દ્વિમાસિક


# પુષ્ટિપ્રજ્ઞા

**સંરક્ષક :**
તૃતીય ગૃહાધીશ પૂ.પા.ગોસ્વામી ૧૦૮
શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી

**અધ્યક્ષ :**
ષષ્ઠગૃહાધીશ પૂ.પા. ગોસ્વામી ૧૦૮
શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી

## પૂ. મહારાજશ્રી તથા ટ્રસ્ટી શ્રી ઉદયભાઇ દેસાઇ ની પુષ્ટિધામ,ગોધરા ખાતે મુલાકાત અને માર્ગ દર્શન





## પૂજ્ય શ્રી ની આજ્ઞાથી ભવાનીમંડી (રાજસ્થાન) ગૌ પૂજા અને ગૌશાળા ના મુખ્ય દ્વાર નું લોકાર્પણ...





## વડોદરા માં સયાજીપુરા આજવા રોડ ખાતે પૂજ્ય શ્રી દ્વારા કલ્યાણપુષ્ટિ ધામ નું નામકરણ સમારોહ...






વિપો દ્વારા કેલિફોર્નિયા માં બેઘર લોકોને ભોજન



GJ6 App નું લોન્ચીંગ



અમદાવદ ખાતે GSTV માં આમંત્રિત પૂજ્ય શ્રી




કોકિલાબેન ઠાકોરલાલ શાહ પરિવારનાં અતંઃકરણપૂર્વક જયશ્રીકૃષ્ણ

# સંગઠન સુવાસ

અંતરની ઊર્મિઓ જ્યારે આકસ્મિક અને અણધારી ઘડીએ કાંઇક પરિણામલક્ષ્યી સિધ્ધ પામે તો સમજવું કે શ્રી હરિનો અનુગ્રહ થયો છે. અપ્રતિમ પ્રયત્નો છતાં પણ મન જ્યારે નિરાશાને નિરખે છે ત્યારે હતાશા સ્વાભાવિક પણે મનના સામરાજ્યમાં છવાય છે! પરિસ્થિતી અને તેના કારણો કરતાં પ્રયત્નો જ્યારે આપમેળે ગલ છોડીદે છે ત્યારે માત્ર શ્રધ્ધા ના બળે જ પ્રાપ્ત થાય તે સર્વોપરિ હોય છે.

વિશ્વાસમાં સકારત્મક અને સકામ આશા ભળે એટલે જ શ્રધ્ધા નો જન્મ થાયછે, અને 'શ્રધ્ધા નો વિષયતો પૂરાવાની જરૂર રહેતી નથી'. 'શ્રધ્ધા' આવતીકાલના સૂર્યોદયનો આશાસ્પદ સંચાર છે.તેના મૂળ માં જિંદગીની સર્વાંગી, આવશ્યક તમામ ઘટનાઓ નો સકારત્મક અભિગમ છે.

'શ્રધ્ધા' એ અંધવિશ્વાસ નથી, 'અંધવિશ્વાસ એટલે કોઇના બનાવેલા અથવા અનુભવેલા વિષયને વિચાર્યા વગર વિશ્વાસમાં લઇ અમલમાં મૂકવું'.

શ્રધ્ધા એટલે પોતાના અનુભવ પર વિશ્વાસ મૂકી, પોતાના ઇષ્ટદેવની કૃપાના સકારત્મક ભાવને ભેળવી જે વિચાર થાય તે જ શ્રધ્ધા.

પોતાની સ્વાવલંબી વિચારધારા, જરૂરી પ્રયત્નો, યોગ્યતા અને ઉચિત માત્રામાં રહેલી પરિણામની અપેક્ષાનું સંયોગીકરણ જો એકરૂપ અને યોગ્ય હશે તો તમારી શ્રધ્ધા જરૂરથી રંગ લાવશે અને સાકાર સ્વરૂપનો અનુભવ થશે.

શ્રધ્ધા ને અંધશ્રધ્ધા વચ્ચેની પાતળી રેખા ઉપરના ચારમાં ના એક પણ તત્વના સ્હેંજ પણ વિચ્છેદ ઉપર અવલંબીત છે.

પોતાની યોગ્યતા અને પ્રયત્નો જ્યારે અવગણિત થાય અને અપેક્ષાઓનો ભાર વધે ત્યારે અંધશ્રધ્ધાનો જન્મ થાય.

આપ સૌ યથાયોગ્ય નિર્ણયો માટે જ્યારે અપરંપાર શ્રધ્ધાના વિષયને પ્રાયુકૃપા પર છોડો છો, ત્યારે અયોગ્ય તે છે, કે અપેક્ષા જિંદગીની મૂળ જરૂરીયાત થી વધુ હોય અને નિરાશા સાંપડે ત્યારે હતાશ થવુ. આ હતાશામાંથી બહાર આવી શસ્વધર્મને ઓળખો તે જ મારી આશા.

ભવદિય,

ષષ્ઠ પીઠાધિશ્વર પૂ.પા.ગો. ૧૦૮

શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી

ગો.વા.શ્રી. બાપાલાલ લલ્લુભાઇ પરીખ (વડોદરા) ના જયશ્રીકૃષ્ણ

# તંત્રી લેખ

શાસ્ત્ર, પુરાણ ઇતિહાસ વાંચવાથી પુષ્ટિમાર્ગ જાણી શકાતો નથી પરંતુ પુષ્ટિમાર્ગીય ભગવદ્ ભક્તોનો પ્રિતિપૂર્વક સંગ થાય તોજ માર્ગના સઘળાં સિધ્ધાંતો જાણવામાં આવે છે. પ્રભુ ના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો ભગવદ્ ભક્તોનો જ સંગ કરવો. સંગ થી જ પ્રભુ અવશ્ય કૃપા કરશે. ''બીનું સત્સંગ વિવેક ન હો'' દૈવી જીવો સ્વતઃ શરણે આવે છે. જ્ઞાતિનું, દેહનું અભિમાન ન રાખવું. શ્રી ઠાકોરજી કયા જીવ પર કૃપા કરશે તે કહી શકાતુ નથી. અપૂર્વ ધૈર્ય અને પ્રાણેશ તરફની આજ્ઞા પ્રમાણે કર્તવ્ય કરવું. ધન્ય છે એવા વૈષ્ણવો ને કે જેમના નામ લેવાથી પાપી પણ પાવન થાય છે. પૈસા આપી બીજા પાસે સેવા કરાવવી એ કેવળ પ્રમાદ નું જ કારણ છે. બીજા સેવક કરે અને પોતે તેમાં જરાપણ ચિંતા ન રાખે તો તેવી સેવા સાધનરૂપ થતી નથી. ભગવદ્ ઇચ્છાથી પ્રાપ્ત થયેલ ધનાદિ સમ્પતિ નો પ્રભુ માટે વિવિયાગ કરવો તેનું નામ વિતજા સેવા. આ પણ બે પ્રકારે થાય છે. એક તો પોતાના ઘનથી મંદિર, આભરણ, પાત્ર, સાજ, ભોગ વગેરે કરાવી પોતાના દેહ થી સેવા કરવી તે અને બીજી પોતે ધનનો ઉપયોગ કરી અન્ય મનુષ્યો દ્વારા સેવા કરાવવી તે ખરેખર પોતાના દ્વારા જ તન, મન, ઘન થી શ્રી ઠાકોરજીની શ્રી વલ્લભની સેવા કરવી તે જ ઉત્તમ છે.

દુલયા ના સર્વસુખ એક બાજુ એ નષ્ટ થતાં હોય અને બીજી બાજુએ ધર્મ રહેતો હોય તો ધર્મ ને ગ્રહન કરી બધાં લૌકીક સુખોનું ઉલ્લંઘન કરવું એ જ ઉચ્ચકોટીના ભગવદિયોના લક્ષણ છે.

જયપ્રકાશ ઉપાધ્યાયના
જયશ્રીકૃષ્ણ

## આ અંકમાં....


| | | |
|---|---|---|
| પુષ્ટિભક્તોનો મોક્ષ<br>પાન નં. ૪ | પુષ્ટિમાર્ગ લક્ષણાનિ ગ્રન્થવિવરણ<br>પાન નં. ૬ | દુઃખ વિષે વિચાર<br>પાન નં. ૯ |
| શ્રીવેણુ ગીતમ<br>પાન નં. ૧૨ | તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે...<br>પાન નં. ૧૫ | ધેનુકાસુર વધ<br>પાન નં. ૧૯ |
| ।। કૃષ્ણ એજ મારી ગતિ હો ।।<br>પાન નં. ૨૩ | સર્વેશ્વરની સામગ્રી<br>પાન નં. ૨૫ | સેવામાં આવતા નડતરો<br>પાન નં. ૨૬ |
| શ્રી ગુસાંઈજી પરમદયાલની અનન્ય કૃપા<br>પાન નં. ૨૮ | પ્રેમના ભુખ્યા<br>પાન નં. ૩૦ | કીર્તન પદ<br>પાન નં. ૩૨ |



**પ્રકાશક** : શ્રી વલ્લભ વિશ્વવિહાર એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા.

**સંપાદક સમિતિ** : પ્રો.ભગવત્પ્રસાદ પંડ્યા, હરીશભાઈ શાહ, નવનીતભાઈ શેઠ.

**ટાઈપ/ડીઝાઈન** : શ્રી કલ્યાણરાયજી મંદિર, બેંક રોડ, માંડવી, વડોદરા.

**મુદ્રક** : જય પ્રિન્ટર્સ, ૯૩૨, મકરપુરા જી.આઈ.ડી.સી. વડોદરા. Ph. 2412470




### પુષ્ટિપ્રજ્ઞા લવાજમ ૨૦૧૭

| | વાર્ષિક | ત્રિવાર્ષિક | આજીવન (૧૦ વર્ષ) |
|---|---|---|---|
| ભારતમાં | રૂ. 100 | રૂ. 250 | રૂ. 800 |
| અમેરીકા /વિદેશ | $ 25 | $ 60 | $ 210 |
| યુ.કે | £15 | £40 | £140 |



- લવાજમ વર્ષ : ૨૦૧૮ સેવાભાવી કેન્દ્રોમાંથી આપ આપની નજીકના કેન્દ્રો પર સંપર્ક કરી વાર્ષિક લવાજમ ભરી દેવા વિનંતી છે
- લવાજમ ભરતી વખતે આપ આપનું પુંરૂ નામ, પુરૂં સરનામું ( પીન કોડ સહિત ) તથા સંપર્ક ટેલીફોન નંબર અવશ્ય લખવો.
- લવાજમ રકમનો ડ્રાફ્ટ અથવા ચેક "શ્રી વલ્લભ વિશ્વવિહાર એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા" ના નામે મોકલવા વિનંતી છે.

#### સભાસદો માટે

- આ પત્રિકા દ્વિમાસિક છે.
- દર બે મહિને એક અંક આપને પ્રાપ્ત થશે. વર્ષના કુલ છ અંક રહેશે.
- લવાજમ વર્ષ જાન્યુઆરી થી ડિસેમ્બર ગણાય છે
- કોઈપણ પ્રકારની ફરિયાદ લેખિતમાં આપવી જેમાં આપનું નામ, સરનામું, સંપર્ક ટેલિફોન અને આપનો ગ્રાહક નંબર અવશ્ય લખવો.
- મૌખિક કે ટેલિફોન ઉપર ફરિયાદ ન કરવા વિનંતી છે.

હિતેન નિતિનકુમાર પટેલ (લંડન) ના જયશ્રીકૃષ્ણ

# પુષ્ટિભક્તોનો મોક્ષ

**ભાગવત સુધા**

જે ભક્તો યુગલ -સ્વરૂપના અનન્ય સેવક હોય, જેમના ઉપર શ્રી મહાપ્રભુજીની પૂર્ણ કૃપા હોય, એમનો આ ભૌતિક દેહ પડે ત્યારે શ્રીમહાપ્રભુજી ના બે સેવકો - પાર્ષદો એ જીવાત્માને સાથે લઇ ઉપર ચડાવે છે. તેઓ એટલા માટે સાથે રહે છે કે તે જીવાત્મા જુદા જુદા લોકમાંથી પસાર થતાં તે લોકો વૈભવ અને સંપત્તિથી અંજાઇ ન જાય કે લલચાઇ ન જાય. બ્રહ્માંડ પછીનાં સાત આવરણો ભેદીને જ્યારે એ જીવાત્મા ત્રિપાદવિભૂતિ અને પાદવિભૂતિની સીમા ઉપર પહોંચે છે, ત્યારે એ જીવાત્મા ચાહે નારાયણના ધામમાં જનારો હોયકે ગોલોકના ધામમાં જનારો હોય, એને પેલા સેવકો વિરજા નદીમાં સ્નાન કરાવે છે.

પાપીઓને યમલોકમાં જતા વૈતરણી નદી ઓળગંવી પડે છે. મહાપુરૂષોને વિરજા નદીમાં સ્નાન કરવું પડે છે. એનું કારણ એ છે કે જેની પાસે પુણ્ય અને પાપ બેમાંથી કોઇની પણ સિલક બાકી ન રહે, પુણ્ય અને પાપ બંન્ને શૂન્ય થાય તે જ પ્રભુના ધામમાં જવાનો અધિકારી બને છે.

રાસપંચાધ્યાયીમાં આ સિદ્ધાંત શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યો, અંતર્ગૃહતા ગોપીજનો, જેમને એમના દેહ - સંબંધીઓએ રાસમાં જવા ન દીધાં તેમને અત્યંત વિરહ થયો. એમના દેહ છૂટી ગયા. તેઓ પ્રભુનાં ધામમાં અગ્નિ અસહ્ય બનતાં તેમને તેમનાં હૃદયમાં પ્રભુનાં દર્શનથી એમના પુણ્યનું બેલેન્સ પણ શૂન્ય થઇ ગયું. આમ, પાપ અને પુણ્ય બંન્નેમાંથી કશુ સિલકમાં રહ્યું નહીં, તેથી શ્રીશુકદેવજી કહે છે કે તેમને સાયુજ્ય મુક્તિ મળી.

આવા ભક્તો પોતાનાં પુણ્ય - પાપ શૂન્ય કરીને જ ત્રિપાદ વિભૂતિ અને પાદવિભૂતિની સીમા ઉપર પહોંચી શકે છે. છતાં તેમનામાં કંઇક પાપ - પુણ્યની સૂક્ષ્મ વાસનાઓ રહી ગઇ હોય તો તે દૂર કરવા માટે એમને વિરજા નદીમાં સ્નાન કરાવે છે. તેમનામાં વાસનારૂપે રંજનો જે અંશ રહ્યો હોય તે અંશ, તેમાં સ્નાન કરવાની નષ્ટ થાય, તેનું નામ વિરજા.

વિરજામાં સ્નાન કર્યા પછી જો એ જીવાત્મા નારાયણનો ભક્ત હોય તેને

રમાવૈકુંઠમાં લઇ જવા અમાનવ દેવતાઓ આવે છે. જે યુગલ સ્વરૂપનો અંતરંગ ભક્ત હોય, અખંડ નિકુંજલીલાની ભાવનામાં તત્પર હોય, એને નિકુંજલીલામાં લઇ જવા ભગવાનની નિકુંજ એવા ગોલોકધામની દ્વારપાલ સખીઓ આવે છે. એ ભક્તના આત્માને દિવ્ય સખીદેહ પ્રાપ્ત થાય છે, તે હવે મુક્તદશામાં વિભુપદને પ્રાપ્ત થયો હોઇ જે આકારનું સ્વરૂપ એને ધારણ કરવું હોય, એ સ્વરૂપ ધારણ કરવા સમર્થ બને છે. નિકુંજનાં દ્વાર ઉપર સખીઓ તેને લઇ આવીને ભગવાનને ખબર પહોંચાડે છે કે નાથ, ભૂલોકમાંથી શ્રીમહાપ્રભુજીની કૃપા પ્રાપ્ત જીવ પધાર્યો છે. ત્યારે ભગવાન આજ્ઞા કરે છે કે મારી દ્વાદશ નિકુંજો છે, તેમાંથી જે નિકુંજમાં એનો અધિકાર હોય તે નિકુંજમાં એને પધરાવો. તે સમયે એના હાથમાં બે છાબ હોય છે. એકમાં ફુલ અને બીજામાં સિદ્ધ કરેલો મેવો. તે યુગલસ્વરૂપ પર પુષ્પવર્ષા કરે છે અને મેવો ભોગ ધરે છે. એ સખી નિત્યલીલામાં આવી છે ત્યારે તેના પર સ્નેહ વરસાવવામાં કસર રાખતા નથી. આ પ્રકાર શુકદેવજી કહેતા નથી, પણ હસ્તલિખિત ગ્રંથોમાં આ પ્રકાર બતાવવામાં આવ્યો છે, શુકદેવજીએ તો બાંધે ભારે કહ્યું કે મુક્તિ બે પ્રકારની છે – જ્ઞાનમાર્ગની મુક્તિ અને ભક્તિમાર્ગની મુક્તિ.

## સેવા યંત્રવત્ ન કરો, ભાવનાથી કરો.

**જો આપણે એમ જાણતા હોઈએ કે શય્યામંદિર શ્રીસ્વામિનીજીના નેત્રનું સ્વરૂપ છે. અને દ્વાર તે સ્વામિનીજીનાં સુંદર નેત્રોની કોમળ પાંપણ છે, તો એ શય્યામંદિરના દ્વાર ખોલવા માટેની આપણી આખીએ રીત અને પ્રીત જુદા સ્વરૂપની થઈ જશે.**

**શ્રૃંગાર ધરીને પ્રભુને વેણુ ધરાવીએ છીએ, દર્પણ બતાવીએ છીએ પણ કોઈ દિવસ વિનંતી કરી – લાલા, મને કયારેક તો વેણુનાદ સંભળાવો. સેવા કરતાં વિવિધ ભાવનાઓ હૃદયમાં કદીએ જાગે છે ખરી?**

# પુષ્ટિમાર્ગ લક્ષણાનિ ગ્રન્થવિવરણ

**यत्राङ्गीकरणे नैव योग्यतादिविचारणम् ।**

**अविलम्बः प्रभुकृतः पुष्टिमार्गः स कथ्यते ।।३।**

જે માર્ગમાં જીવના અંગીકારમાં - વરણમાં જીવની યોગ્યતા કે વિશિષ્ટ ગુણો કે એના દ્વારા કરાયેલા વિશેષ જપ - તપ વગેરે સાધનોનો કે તેવી યોગ્યતા - નિર્દોષતા - વિદ્વત્તા વગેરેનો વિચાર ભગવાન કરતા નથી તથા જીવનું સ્વચરણમાં યા સ્વમાર્ગમાં વરણ કરવામાં ભગવાન કોઇ પણ પ્રકારનો વિલમ્બ કર્યા વિના વરણ કરે છે તે માર્ગને પુષ્ટિમાર્ગ કહેવામાં આવે છે.

ઉપનિષદ્‌માં કહેવાયું છે કે **'नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन यमेवैषवृणुते तेन लभ्यः, तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्'** () આ શ્રુતિમાં પ્રવચન - મેધા - બહુશ્રુતપણું વગેરે યોગ્યતાઓ હોઇને પણ ભગવત્ પ્રાપ્તિ કરાવી શકવા અસમર્થ છે એમ બધી જ યોગ્યતાઓને ભગવત્પ્રાપ્તિમાં અનુપયુક્ત જણાવી **'यम् एष एव वृणुते'** એમાં યત્ શબ્દનો પ્રયોગ કરી આ ભગવાન જેનું વરણ કરે છે, એમા કોઇ વિશિષ્ટ ઉલ્લેખ કર્યા વિના સાધારણતાએ કહ્યું હોવાથી ભગવાન દ્વારા જીવનું વરણ થવામાં કોઇ વિશિષ્ટ કારણ-અધિકાર યા યોગ્યતાની અપેક્ષા નથી. ભગવાન બસ પોતાના કૃપાબળે જ વરણ-અંગીકાર કરે છે તેમ જ તેવા વરણ થવામાં કોઇ ખાસ સમય મુહૂર્ત યા નક્ષત્ર યોગ યા કોઇ શુભત્વની અપેક્ષા રહેતી નથી. તેથી ભગવાન કોઇ પણ પ્રકારનો વિલંબ કર્યા વિના વરણ કરે છે અને પોતાની પ્રાપ્તિ કરાવે છે એવો જે માર્ગ તે પુષ્ટિમાર્ગ છે. ।।૩।।

**स्वरूपमात्रपरता तात्पर्यज्ञानपूर्वकम् ।**

**धर्मनिष्ठा यत्र नैव पुष्टिमार्गः स कथ्यते ।।४।।**

પ્રત્યેક ધર્મશાસ્ત્રોમાં જણાવેલા જુદા-જુદા ધર્મો તેનું તાત્પર્ય એટલે કે તે-તે ધર્મો દાન - યજ્ઞ - તપ વગેરે તેનું તે જણાવવાનું તાત્પર્ય ધર્મ - પાલન કરતાં ચિત્ત ધીરે - ધીરે

લૌકિકમાંથી હટાવતા જવું જોઇએ, પરિણામે ભગવાનમાં જોડવા માટેનું જ છે એમ તાત્પર્ય જ્ઞાનપૂર્વક એક માત્ર ભગવાનના સ્વરૂપમાં જ ચિત્તને પરોવી રાખવું અને ધર્મમાં નિરંતર સ્થિતિ ચિત્ત વગેરેની નહીં રાખી એકમાત્ર ભગવાનમાં અને ભગવત્સેવામાં જ ચિત્ત બનાવી રાખવું એવો જે માર્ગ તેને પુષ્ટિમાર્ગ કહેવાય છે.

ભગવાન શ્રીકૃષણ ગીતાના અઢારમા અધ્યાયમાં પોતાના ઉપદેશના અંતે સંપૂર્ણ ઉપદેશના સારરૂપે અર્જુનને આજ્ઞા કરે છે કે –

**सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।**

**अहं त्वा सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।**

(ગીતા. ૧૮-૬૬)

સર્વધર્મોને એટલે કે જેટલા પણ અને જે – જે પણ પ્રવૃત્તિ લક્ષણરૂપ ધર્મો છે તેને ત્યાગીને એક માત્ર મારું શરણ ગ્રહણ કર. એટલે કે લૌકિક– અલૌકિક જે પણ ધર્મો છે તે ધર્મોનો ધર્માશ્રય ત્યાગીને મારા શરણે આવ. સર્વ ધર્મત્યાગ કર અને મારા શરણે આવ એમ કહેવામાં એનું તાત્પર્ય શ્રીવલ્લભજી આ શ્લોક ઉપરની સ્વકૃત તત્ત્વદીપિકા ટીકામાં લખે છે – **'तेन अत्रापि इतरभजनरूपान् सर्वधर्मान् परित्यज्य इति मर्यादामार्गीयस्य अर्जुनस्य इतरभजननिरतस्य पुष्टौ निवेशनार्थ इतरभजनरूपधर्मपरित्यागः उच्यते भगवता'** શ્રીવલ્લભજી કહેવા માંગે છે કે સર્વધર્મોનો ત્યાગ એટલા માટે કહ્યો છે કારણકે અર્જુનનો મૂલ અધિકાર મર્યાદામાં છે અને એને પુષ્ટિમાં અંગીકારવા માટે ધર્મત્યાગ કહ્યો છે. કારણકે ભગવાનથી ઇતર દેવો ભજન સ્વરૂપના ધર્મો છે અને અર્જુન પણ ભગવાનથી ઇતર ભજનમાં સારી રીતે રત થયેલો છે તેવા અર્જુનને ઇતરભજનરૂપ ધર્મથી નિવૃત કરી પુષ્ટિમાં તેને પ્રવેશાવવા સ્વભક્તિ સ્વઆશ્રયમાં સ્થિત કરવા ધર્મત્યાગ કહ્યો છે અને તેથી જ પોતાનામાં પુષ્ટિપુરુષોત્તમ સ્વરૂપના ભાવને આવિષ્કૃત કરતાં કહ્યું છે કે – **'હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ, શોક કર નહીં'** પ્રાયશ્ચિત વગેરેથી પાપનિવૃત્તિ નહીં કરી હું જ તને પાપોથી મુક્ત કરીશ એમ કહ્યું છે એ પુષ્ટિભાવ છે, સાધનોથી પાપમુક્તિએ મર્યાદાભાવ છે. તેથી પુષ્ટિમાં ધર્મનિષ્ઠા નથી પણ શાસ્ત્ર ભગવદાજ્ઞા છે. તેનાં પાલનરૂપે

ધર્મનું પાલન છે. પણ જ્યારે કોઇ પણ ધર્મ આશ્રયભાવ યા શરણાગતિભાવથી વિપરીતનો હોય યા વિપરીતરૂપે પ્રાપ્ત થાય ત્યારે સેવકનો મુખ્ય ધર્મ એ ભગવદાશ્રય ભાવ જ હોવાથી તે વ્યક્તિ તેવા ધર્મનું પાલન નથી કરતો. આ જ વાત શ્રી આચાર્યચરણે સર્વનિર્ણય નિબન્ધના **'कर्मणोह्यपि बोद्धव्यम्'** ના પ્રકાશમાં જણાવી છે. નિષ્ઠા એટલે નિતરાં સ્થિતિ તે પુષ્ટિમાર્ગમાં માત્ર ભગવદાશ્રુમાં છે, ધર્મમાં નહીં. પગથિયા ચઢવામાં આવે છે તે ઉપર જવા માટે છે, નહીં કે પગથિયામાં નિષ્ઠા રાખવાની છે. પગથિયા હોય કે લિફ્ટ હોય કે એસ્કેલેટર હોય પણ તેમાં કંઇ સ્થિતિ કરવાની નથી જો ઉપર જવા કોઇ બીજો ઉપાય માર્ગ હોય તો તે પણ અપનાવી શકાય છે, નિષ્ઠાનો વિષય તો ઉપર જ રહેલો છે. તેથી જ વેદમાં **'सर्वे वेदा यत् पदमामनन्ति'अने 'सर्वे वेदा यत्रैकं भवन्ति, स मानसीन आत्मा जनानाम्'** એમ જણાવ્યું છે. સર્વ વેદો, સર્વ પુરાણો, સર્વ ઉપનિષદો, સર્વ શાસ્ત્રો જુદી-જુદી અનેક વાતો કહીને જુદા- જુદા દેવો, જુદા- જુદા યજ્ઞો, જુદા- જુદા કર્મો, જુદા-જુદા સાધનોને જણાવીને પણ અન્તતોગત્વા એ દરેકનું તાત્પર્ય તો પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણનું જ પ્રતિપાદન કરે છે. તેથી જ ગીતામાં પણ કહ્યું છે કે - **'वेदैश्च सर्वैः अहमेव वेधः'** તેથી નિષ્ઠાનો વિષય ધર્મ નહીં પણ ભગવાન જ છે. ભગવાન ભાગવત એકાદશ સ્કન્ધમાં જણાવે છે - **'धर्मः सत्यदयोपेतो विधा वा तपसान्विता मद्भकत्यापेतमात्मात्मानं न सम्यक् प्रपुनाति हि'** (ભાગ.૧૧-૧૪-૨૨) સત્ય અને દયા સહિતનો ધર્મ અથવા તપથી અન્વિત એવી વિધા પણ મારી ભક્તિથી રહિત હોય ત્યારે તે સારી રીતે પવિત્ર કરી શકતા નથી. તેથી નિતરાં સ્થિતિનો વિષય એ ભગવાનનું સ્વરૂપ અને ભગવત્ સમ્બન્ધી વિષયો જ હોઇ શકે છે. આ મુજબ જે માર્ગમાં છે તેને પુષ્ટિમાર્ગ કહેવામાં આવે છે ॥૪॥

# દુઃખ વિષે વિચાર

સુખ અને દુઃખ એવી અનુભૂતિઓ છે કે તે શબ્દોના અર્થના મૂળમાં જવાનું આપણને જરૂરી જ નથી લાગ્યું.

સુ=સારું, ખ=આકાશ. 'સુખ' શબ્દનો યોગાર્થ થાય = સારું, સુંદર, મનોહર આકાશ. આપણી આજુ બાજુનું ભાવવરણ એ જ આપણું આકાશ. તનને મજા આવે, મન પ્રસન્ન થાય ત્યારે આપણને આપણી ચોમેર સુખનો – આનંદનો અનુભવ થાય. આથી સુખ એટલે આનંદ.

દુઃ(દુસ્)=ખરાબ. ખ=આકાશ. આકાશ લાંબો સમય વાદળછાયું રહે, ત્યારે મનને ગમગીની(Glomminess) લાગે છે. શરીરની સ્ફૂર્તિ હણાઇ જાય છે. 'મજા' નથી આવતી. એમ તન અને મનને શોક પીડે, ત્યારે શોકનાં વાદળો આપણા ભાવાવરણને ગમગીન બનાવે છે. તન – મનને કલેશ થાય છે. દુઃખ એટલે કલેશ.

**દુઃખની ઉત્પત્તિ**

માણસ એકલો હતો–વનવાસી હતો ત્યારે તેને દુઃખની ખબર ન હતી. વધુ સારું જીવન હોઇ શકે એવો વિચાર ન હતો, ત્યાં સુધી તે પોતાની જાતમાં મસ્ત હતો, સુખી હતો. જ્યારે તેની બુદ્ધિ વિકસી, ત્યારે તેને વધુ સારા જીવનની કલ્પના આવી. એ કલ્પનાએ, વિચારે તેના વર્તમાન જીવન માટે તેના મનમાં અસંતોષ જન્માવ્યો. એ અસંતોષે તેના જીવનમાં દુઃખનાં બીજ વાવ્યાં.

જનકનંદિની શ્રીરામ સાથે વનમાં જવા તૈયાર થયા. શ્રીરામે વનજીવનની કઠોરતા કહી, પણ સીતાજીને તો પતિસુખમાં જ તેમનુ સુખ સમજાયું હતું. તેથી સહગમન કર્યું. સુંદર વસ્ત્રો તજી વલ્કલ પહેર્યાં. પલંગ તજી પૃથ્વી પર પોઢ્યાં. આવાં સંયમસુંદરીને સુવર્ણમૃગ દેખાયું. વલ્કલ કઠ્યાં. સુવર્ણ કંચુકીનો અસંતોષ જાગ્યો. તે જ ક્ષણથી પતિસુખ દૂર થયું. દુઃખનાં વાદળો ઘેરાયાં.

ગીતાજી સમજાવે છે – માણસનું મન સાત્ત્વિક હોય, ત્યાં સુધી તેને દુઃખ ન થાય.

સાત્ત્વિકતા એટલે સંયમ, સંતોષ, વિષમતા એટલે અસ્વસ્થતા, સાત્ત્વિકતાને સંગ ગમતો નથી, એકાંત ગમે છે.

માણસમાં રજોગુણ વધે એટલે ભોગેચ્છા જાગે, એટલે સંગ ગમે. સંગ કામ, ક્રોધ, લોભને જન્માવે. કામ, ક્રોધ, લોભ રજોગુણનાં સંતાન. ત્રણે પીડા કરે, દુઃખ આપે.

દુઃખનું મૂળ સંગમાં. સંગથી ઇચ્છા જાગે. ઇચ્છામાંથી અહંતા - મમતા જાગે. એ જ કામ, ક્રોધ, લોભ પેદા કરે. તન, મન બંને શોકમય બને. સુખ શોધવા નીકળેલો માણસ દુઃખના કાદવના દરિયામાં ખૂંપીને મરે.

## દુઃખની સંકલ્પના

દુઃખ તનનું, મનનું અને આત્માનું હોય. શરીર રોગી બને. રોગની પીડા થાય. તેનું દુઃખ થાય. દવા - ઇંજેકશનો - ઓપરેશન - હોસ્પિટલ ટ્રીટમેન્ટ, જુદા જુદા ટેસ્ટ આ બધું પણ પીડા કરે. શરીરને માર પડે. વાગે - ઘાયલ થાય. તેનું દુઃખ પણ થાય. ભૂખ - તરસ - અનિદ્રા - થાક પણ દુઃખ કરે.

મનમાં ચિંતા થાય, ચિંતા ઉદ્વેગનું દુઃખ માનસિક દુઃખ છે. મનમાં જુની કડવી સ્મૃતિઓ સળવળે ત્યારે પણ મનને બેચેની થાય. ધંધાની ઉપાધિઓ, સ્વજનોનું મૃત્યુ, સ્વજનો-મિત્રોની ગંભીર માંદગી, કુટુંબીઓ - નોકરો દ્વારા થતો અનાદર - તિરસ્કાર, સહકાર્યકરો દ્વારા થતા પ્રપંચ -અદેખાઇ, માથે ચડી ગયેલું દેવું, ખર્ચજોગ આજીવિકાનો અભાવ, વધતી મોંઘવારી અને ખર્ચ, ઇચ્છાઓની અપૂર્તિ એમ અનેક પ્રકારનાં માનસિક દુઃખો માણસને પીડે છે.

આત્માને લગતા દુઃખોમાં ભૂત-પ્રેતની પીડા, મલીન મંત્રતંત્રથી થતી પીડા મુખ્ય છે. આત્મા ભગવાનનો અંશ છે. ભગવાનથી અગણિત વર્ષો પહેલાં વિખૂટો પડ્યો છે. હજી તે ભગવાનને પામી શક્યો નથી. તેનો વિરહતાપ પણ કલેશરૂપ છે.

## દુઃખોનું વર્ગીકરણ

શ્રીમહાપ્રભુજીએ આ બધાં દુઃખોનું વર્ગીકરણ ત્રણ વિભાગમાં કર્યુ છે.

(૧) આધિભૌતિક દુઃખ તે શરીરને અને મનને લગતાં છે. તેમાં આધિ, વ્યાધિ, અને

ઉપાધિઓનો સમાવેશ થાયછે.

(૨) આધ્યાત્મિક દુઃખ તેમાં આત્માને પીડાકારી દુઃખોનો સમાવેશ થાય છે. તેમાં મુખ્યત્વે ભૂત-પ્રેત, હીન દેવદેવી તરફથી મળતો દંડ, મંત્ર-તંત્રથી થતી બાધાનો સમાવેશ થાય છે.

(૩) આધિદૈવિક દુઃખ - તેમાં ભગવાન શ્રીકૃષ્ણને ન પામવાના વિરહતાપકલેશનો સમાવેશ થાય છે.

શ્રીમહાપ્રભુજીના મતે આ અલૌકિક વિરહતાપકલેશ દુઃખદ નથી, સુખદ છે. અંતઃકરણને રુચે છે. આત્મા તે ઇચ્છે છે. એ તો આત્માનું જીવન બને છે.

---

**(અનુસંધાન પાન નં ૩૨)**

મહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. પાસમાંજ ગોવિંદકુંડ છે તેમાં સ્નાન કરી આનંદ માણીયે વૃજરજમાં લોટવાનો આનંદ માણીયે.શ્રીગોવર્ધનની તળેટી, પ્રભુને ગ્વાલ બાલો સાથે રમતો રમવામાં આનંદ આનંદ દેવવાળી છે. ''સુંદર શીલા ખેલકી ઠોર'' તે મુજબ ગૌચારણ લીલા વખતે ગાયો તળેટીમાં ચરતી રહે અને શ્રીકૃષ્ણ બલરામ, ગોવાળિયા સાથે રમતો રમતા રહે, આમ તો વૃજ ચોર્યાશી કોષ પ્રભુનું રમણ સ્થાન છે તેમાં ગોવર્ધનની તળેટીની આનંદ દાયક લીલા છે. જ્યાં પ્રભુ ખુલા ચરણોથી રમ્યા છે. તે સ્થળમાં લોટીને તે રજની કણિકા અંગે લપેટાય જાય. શ્રી ગિરિકંદરામાં પ્રભુ વિશ્રામ કરે છે શ્રી સ્વામિનીજી પણ ત્યાં પધારી અને અનેક લીલા આનંદમય કરી છે. ભીલડી પણ તળેટીમાં રહેતી તે અનોસરનો સમય પુરો થતા ફલ ફૂલોની છાબ ભરીને ઉભી રહેતી, આવી લીલાને અનુરૂપ ગોવર્ધનની તળેટીમાં નિવાસ કરી અને 'રસિકપ્રિતમ હિત-ચિતકી બાતે શ્રી ગિરધારીજીસો કહીએ', આવી લીલાનું સ્થાન છે. જેમ વૃંદાવનરાદાસી લીલાનું વિશેષ સ્થાન છે તેમ અત્રે ગૌચારણ લીલા, ગ્વાલ બાલો સંગે ખેલ, ગોવર્ધન લીલા, આવી લીલાનું સ્થાન, ત્યાં જ કરી આપણાં મનની વાર્તા શ્રી ગિરધારીજીને કહીયે. અન્યને નહી.

# શ્રીવેણુ ગીતમ

- ગતાંકથી ચાલુ

ગોપ્ય: કિમાચરદયં કુશલં સ્મ વેણુ -
ર્દામોદરાધરસુધામપિ ગોપીકાનામ્ ।
ભુંજતે સ્વયં યદવશિષ્ટરસં હદિન્યો
હૃષ્યત્ત્વોશ્રુ મુમુચુસ્તરવો યથાઽઽર્યા: ।।૯।।
વૃંદાવનં સખિ ભુવો વિતનોતિ કીર્તિ
યદ્ દેવકીસુતપદામ્બુજલબ્ધલક્ષ્મિ ।
પ્રક્ષ્યાદ્રિસાન્વપરતાન્યસમસ્તસત્ત્વમ્ ।।૧૦।।
ધન્યા: સ્મ મૂઢમતયોઽપિ હરિણ્ય એતા
યા નન્દનન્દન મુપાત્તવિચિત્રવેષમ ।
આકર્ણ્ય વેણુરણિતં સહ કૃષ્ણસારા:
પૂજાં દ્ધુર્વિચિતાં પ્રણયાવલોકે: ।।૧૧।।
કૃષ્ણં નિરીક્ષણ વનિતોત્સવરૂપશીલં
શ્રુત્વા ચ તત્કવણિતવેણુવિચિત્રગીતમ્ ।
દેવ્યો વિમાનગરય: સ્મરનુન્સારા
ભ્રશ્યત પ્રસૂનકબરા મુમુહુર્વિનીવ્ય: ।।૧૨।।
ગાવશ્ચ કૃષ્ણમુખનિર્ગતવેણુગીત-
પિયૂષમુત્તભિતકર્મપુટૈ: પિબન્ત્ય: ।
શાવા: સ્નુતસ્તનય: કવલા: સ્મ તસ્થુ -
ર્ગોવિન્દમાત્મનિ દશાશ્રુકલા: સ્પૃશન્ત્ય: ।।૧૩।।
પ્રોયો બતામ્બ વિહગા મુનયો વનેઽસ્મિન
કૃષ્ણેક્ષિતં તદુદિતં કલવેણુગીતમ ।
આરુહ્ય યે દ્રુમભુજાન રુચિરપ્રવાલાન
શ્રૃણ્વન્ત્યમીલિતદશો વિગતાન્યવાચ: ।।૧૪।।

## શ્રીવેણુ ગીત (ભાવ - પ્રકાશ)

અરે ગોપીઓ! આ વેણુ નર જાતિનો હોવા છતા પણ પૂર્વજન્મમાં કોણ જાણે તેણે એવી કઇ સાધના કરી છે કે આપણી ગોપીઓની સંપત્તિ - દામોદરના અધરોનું અમૃત તે પોતે એ રીતે પીધે જાય છે કે આપણા માટે થોડું પણ શેષ રહેશે નહીં અને તે જોઇને (તે વેણુને પોતાના જળરૂપી દૂધથી ઉછેરનાર) આ માતા જેવા ધરાઓ આજે કમળોની જેમ રોમાંચિત થઇ ગયા હોય તેવા જણાય છે. આ વાંસળી જેના કુળમાં જન્મી છે તે વૃક્ષો (પોતાના વંશમા ભગવત્પ્રેમી સંતાનોને જોઇને શ્રેષ્ઠ પુરૂષોની જેમ) રોમાંચિત હર્ષનાં આસું સારે છે. (૯)

અરે સુખી! આ વૃન્દાવન વૈકુંઠલોક સુધી પોતાની કીર્તિનો વિસ્તાર કરી રહ્યું છે. કેમકે, યશોદાનન્દન શ્રીકૃષ્ણનાં ચરણચિહ્નોથી તે અંકિત થઇ રહ્યું છે! સખી! જ્યારે શ્રી કૃષ્ણ મુનીઓને મોહિત કરનારો પોતાનો વેણુનાદ કરે છે, ત્યારે મદોન્મત થહેલા મયુરો નૃત્ય કરે છે. આ જોઇને પર્વતોના શિખરો પર વિચરનારાં બધા પશુ - પક્ષીઓ શાંત બનીને ઉભા રહી જાય છે. (૧૦)

અરે સુખી ! જ્યારે પ્રાણવલ્લભ શ્રીકૃષ્ણ વિચિત્ર વેશ ધારણ કરીને વેણુનાદ કરે છે,ત્યારે મૂઢમતિ આ હરણીઓ પણ વંશીનાદ સાંભળીને પોતાના પતિ કૃષ્ણસાર મૃગો સાથે નંદનંદન પાસે ચાલી આવે છે અને પોતાની પ્રેમભરી મોટી મોટી આંખોથી તેમને નિરખવા લાગે છે. નિરખે શું છે. પોતાની કમળ જેવી મોટી મોટી આંખો શ્રીકૃષ્ણ ચરણો પર ન્યોછાવર કરી દે છે અને શ્રીકૃષ્ણ પ્રેમભરી દ્રષ્ટિ દ્વારા પોતાના સત્કારનો સ્વીકાર કરે છે. વાસ્તવમાં તેમનું જ જીવન ધન્ય છે! (આપણે વૃન્દાવનની ગોપીઓ હોવા છતાં પણ આ પ્રમાણે તેના પર ન્યોછાવર નથી કરી શકતી, અમારા ઘરવાળા તો મનમાં અકળાય છે, આ કેટલી વિડમ્બના છે.!) (૧૧)

અરે સુખી! હરણીઓની તો વાત જ શી છે - પોતાના સાથે વિમાનમાં જતી સ્વર્ગની દેવીઓ જ્યારે, યુવતીઓને આનંદિત કરવાવાળા સૌન્દર્ય અને શીલના સાગર શ્રીકૃષ્ણને જુએ છે અને તેમના દ્વારા વાસંળીમાંથી નીકળેલું મધુર સંગીત સાંભળે છે તથા તેમના ચિત્ર-વિચિત્ર આલાપ સાંભળીને ધૈર્ય ગુમાવી મોહિત થઇ જાય છે-મૂચ્છિત થઇ

જાય છે. સખી! સાંભળ, જ્યારે તેના હૃદયમાં શ્રીકૃષ્ણને મળવાની તીવ્ર આકાંક્ષા જાગે છે ત્યારે તેમને એ વાતની ખબર પણ પડતી નથી કે તેમના અંબોડામાં ગૂથેલી વેણીના ફૂલ જમીન પર પડી રહ્યાં છે, ત્યાં સુધી કે તેમને પોતાની સાડીનું ભાન રહેતું નથી અને તે કમરમાંથી ખસીને નીચે પડી જાય છે.(૧૨)

અરે સખી! તું દેવીઓની વાત શું કરી રહી છે, આ ગાયોને જોતી નથી? જ્યારે આપણા પ્યારા શ્રીકૃષ્ણ પોતાના મુખથી બંસરીમાં સૂર ભરે છે અને ગાયો તેમનું મધુર સંગીત સાંભળે છે, ત્યારે તેમના કાનના પડિયા ઉંચા કરી લે છે, જાણે તેનાથી અમૃત પી લે છે. તે ગાયો પોતના નેત્રો દ્વારા શ્યામસુંદરને હૃદયમાં લઇ જઇને તેમને વાછડાંની દશા જ અનોખી છે. જો કે ગાયોના થનોમાંથી આપમેળે દૂધ સ્રવતું રહે છે. પરંતુ વાછડાં દૂધ પીતાં પીતાં અચાનક વેણુનાદ સાંભળે છે, ત્યારે મોઢામાં લીધેલો દૂધનો ઘૂંટડો મોઢામાં જ રહી જાય છે. તેમનાં હૃદયમાં પણ થાય છે ભગવાનનો સ્પર્શ અને નેત્રોમાં છલકાય છે આનંદના આંસુ. તેઓ જેમના તેમ સ્થિર થઇ જાય છે. (૧૩)

અરે સખી! ગાયો અને વાછડાં તો આપણાં ઘરના છે, તેમની વાત તો જવા દે, આ વૃન્દાવનનાં પક્ષીઓને તું જોતી નથી? તેમને તો પક્ષી કહેવાં એ પણ ભૂલ છે. સાચું પૂછો તો તેમાંથી મોટા ભાગનાં મોટા- મોટા ઋષિ - મહાત્માઓ છે. તેઓ વૃન્દાવનમાં સુંદર સુંદર વૃક્ષોની નવી અને મનોહર કુંપળોવાળી ડાળીઓ પર ચુપચાપ બેસી જાય છે અને આંખો બંધ કરતા નથી, આંખનું મટકું માર્યા વિના ખુલ્લી આંખે શ્રી કૃષ્ણના રૂપ માધુર્યને તથા તેમનું પ્રેમભર્યુ અવલોકન જોઇ જોઇને કૃતાર્થ થઇ જાય છે તથા કાનોથી બીજું કાંઇ ન સાંભળતાં માત્ર તેમની મોહ પમાડનારી વાણી અને વંશીનું ત્રિભુવનને મોહિત કરનારું સંગીત સાંભળતા રહે છે. મારી પ્રિય સખી! તેમનું જીવન કેટલું ધન્ય છે! (૧૪)

ક્રમશઃ
સાભાર : પુષ્ટિ પ્રણય ગાથા

સમીરભાઇ શાહ (આશ્રય કાર એસેસરીઝ) ના જયશ્રીકૃષ્ણ

# તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે...

**(સુંદરદાસ અને માધવદાસ)**

પૂર્વ ભારતમાં શ્રી જગન્નાથજીથી દશ ગાઉ દૂર પીપરી નામે એક ગામ હતું. ત્યાં એક ગંગાપુત્ર બ્રાહ્મણ - કુટુંબમાં સુંદરદાસનો જન્મ થયો. તેમનાથી થોડેક દૂર એક સારસ્વત બ્રાહ્મણ - કુટુંબ રહેતું હતું. તેમના ત્યાં માધવદાસનો જન્મ થયો. સુંદરદાસ અને માધવદાસ લંગોટિયા મિત્રો હતા. માધવદાસના પિતાને કોઈકે એમ શીખવ્યું હતું કે તમારે પુત્ર નથી, માટે પીરની માનતા રાખો. તેથી માધવદાસના પિતાએ ગામના એક પીરની માનતા રાખો. તેથી માધવદાસના પિતાએ ગામના એક પીરની માનતા રાખી હતી. ત્યાર બાદ માધવદસનો જન્મ થતાં તેમનો પીરમાં વિશ્વાસ વધી ગયો. તે પીરની ઘણી પૂજા-ઉપાસના કરે. પીર તેમની સાથે વાતો પણ કરે. તેમણે વિચાર કર્યો કે પીરની કૃપાથી દીકરો થયો છે, તો તેનું નામ પીરદાસ રાખું.

પણ તેણે વિચાર કર્યો કે સમાજના લોકો મારી નિંદા કરશે. સારસ્વત બ્રાહ્મણ થઇ હું મુસલમાનના દેવને પૂજું તો મારી નિંદા જ થાય. માટે તેમણે દીકરાનું નામ માધવદાસ રાખ્યું; પરંતુ મનમાં તો પીર ઉપર જ શ્રદ્ધા હતી. તેથી તેમણે લોકોને બહારથી દેખાડવા કૃષ્ણની એક એક મૂર્તિ આણી. તેમની બહારથી પૂજા કરે અને તેમને ભોગ ઘરે, પણ મનમાં પીરનું રટણ ચાલે. તેઓ પીરને બોલાવે એટલે પીર આવીને મૂર્તિ પાસે ધરેલા બધો ભોગ ખાઇ જાય. માધવદાસ પણ પિતાના પગલે પગલે ચાલવા લાગ્યા. તેમની શ્રદ્ધા પણ પીરમાં ઘણી વધી ગઈ. પિતાના મૃત્યુ પછી તેઓ પણ પિતાની જેમ જ પીરની પૂજા - ઉપાસના કરતા.

સુંદરદાસ જુદા સ્વભાવના હતા. ગામમાં કોઇ સંત - મહંત કે મહાપુરુષ આવ્યાના સમાચાર મળે, એટલે તેમની પાસે દોડી જાય. આખો દિવસ તેમની સેવા કરે. તેમના પગ દબાવે, તેમના માટે પાણી ભરી લાવે, સીધુ લઇ આવે. આમ તેઓ સૌની સેવા કરતા.

એક વખત શ્રીમહાપ્રભુજી જગન્નાથપુરી પધારતાં આ ગામના તળાવ પાસે

ઊતર્યા. સુંદરદાસને ખબર પડતાં તેઓ ત્યાં આવ્યા. હાથ જોડીને વિનંતી કરીઃ મને આપની સેવા આપો.

કૃષ્ણદાસ મેઘને કહ્યુંઃ 'તું વૈષ્ણવ નથી, એટલે અહીં કોઇ વસ્તુને અડીશ નહીં. શ્રીમહાપ્રભુજી પોતાના સેવક સિવાય કોઇની સેવા સ્વીકારતા નથી.'

સુંદરદાસે કહ્યુંઃ 'હું બ્રાહ્મણ છું. અહીં જે મહાપુરુષો આવે છે, તે બધાંની સેવા કરું છું ; તો તમે મને શા માટે ના પાડો છે ?'

કૃષ્ણદાસે કહ્યુંઃ 'અમે વૈષ્ણવ સિવાય અન્યનો સ્પર્શ કરતા નથી.'

સુંદરદાસ ઊભા રહ્યા. શ્રીમહાપ્રભુજી ત્યાં એક વૃક્ષ નીચે બિરાજ્યા. તેમનાં દર્શન કરતાં સુંદરદાસ ઘણા રાજી થયા. તેઓ ત્યાંથી ખસ્યા નહી. શ્રીમહાપ્રભુજીએ સ્નાન કરી રસોઇ કરી, ભોગ ધરી, ભોજન કર્યું. પછી સુંદરદાસને દૈવી જીવ જાણી મહાપ્રસાદ આપ્યો. મહાપ્રસાદ લેતાં જ તેમની બુદ્ધિ નિર્મળ થઇ ગઇ.સુંદરદાસે વિનંતી કરીઃ 'મહારાજ, આપ સાક્ષાત્ ઇશ્વર છો. મને સેવક કરો, જેથી હું તમારી સેવા કરી શકું'

સુંદરદાસની દીનતા જોઇ શ્રીમહાપ્રભુજીએ તેમને નામમંત્ર આપ્યો. પછી તેમને ચરણસેવા કરવાની આજ્ઞા આપી. સુંદરદાસે આખી રાત પરમ પ્રેમથી ચરણસેવા કરી. રાતમાં બે વખત શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, હવે તમે સૂઇ જાઓ.પણ સુંદરદાસ ન માન્યા, તેમણે વિનંતી કરીઃ મહારાજ સૂવાનું તો રોજ છે, પરંતુ આપની સેવા ફરી ક્યારે મળશે ?

સવારે સુંદરદાસે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી પોતાના ઘેર પધરાવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને અને તેમનાં પત્નીને બ્રહ્મસંબંધ કરાવ્યું. ઘરમાં લાલનનું સુંદર સ્વરૂપ હતું, તેમને પંચામૃત સ્નાન કરાવી ભોગ ધરી, આપે ભોજન કર્યું. સુંદરદાસ અને તેમનાં પત્નીને મહાપ્રસાદ આપ્યો. સેવાની બધી રીત શીખવી. પછી આપ જગન્નાથપુરી તરફ પધાર્યા.

સુંદરદાસે મનમાં વિચાર કર્યો, માધવદાસ મારો મિત્ર છે. તેને પીરનો અન્યાશ્રય છે. તે શ્રીમહાપ્રભુજીનો સેવક થાય તો સારું . આથી સુંદરદાસે વારંવાર માધવદાસ પાસે શ્રીમહાપ્રભુજીની ઘણી વાતો કરી, પણ માધવદાસનું મન પીગળ્યું નહિ. સુંદરદાસ શાંત

રહ્યાં.

થોડા દિવસ પછી શ્રીમહાપ્રભુજી પાછા પધાર્યા. સુંદરદાસના ઘેર મુકામ કર્યો. તે સમયે માધવદાસ પણ ત્યાં આવ્યા હતા. શ્રીમહાપ્રભુજીએ ભોગ સરાવ્યા. માધવદાસે જોયું કે મહાપ્રસાદનો થાળ પૂરેપૂરો ભરેલો છે. તેમણે સુંદરદાસને કહ્યું : 'તારા ગુરુના હાથે શ્રીઠાકોરજી આરોગતા નથી. મહાપ્રસાદનો થાળ તો તેમનો તેમ ભરેલો છે. જ્યારે મારા ઘરમાં હું મારા ઠાકોરજીને જે ધરું છું, તે બધું તેઓ ખાઇ જાય છે. એક કોળિયો પણ બચતો નથી.'

'તો પછી તમે શું ખાઓ છો?'

'અમારા ઘર માટે અમે અલગ રસોઇ કરી રાખીએ છીએ.'

'માધવદાસ, આ વાતનો જવાબ તમને સાંજે મળશે. સાંજે આવજો.'

સુંદરદાસે શ્રીમહાપ્રભુજીને આ હકીકત કહી, ત્યારે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'એ મૂર્ખ છે. શ્રીઠાકોરજીનો હાથ લાગે તે વસ્તુ ક્યારેય ઘટે નહિ. તેના નૈવેધનો થાળ પીર ખાઇ જાય છે. પણ તે દૈવી જીવ છે; એટલે તેનો ઉદ્ધાર જરૂર થશે. તમે ચિંતા કરશો નહિ.'

સાંજે માધવદાસ આવ્યા. શ્રીમહાપ્રભુજીએ તેમને પૂછયું; 'તમારા ઘેર ઠાકોરજી બધી સામગ્રી ખાઇ જાય છે?'

'હા, મહારાજ. થાળમાં કશું બચતું નથી'

'કાલે જ્યારે તમે ભોગ ધરો, ત્યારે અમને સમાચાર મોકલજો. અમે ત્યાં આવીને જોઇશું.'

બીજા દિવસે શ્રીમહાપ્રભુજી માધવદાસને ત્યાં પધાર્યા. મંદિરના દ્વાર પાસે જઇને બિરાજ્યા. માધવદાસ થાળ લઇને આવ્યા. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા લઈ ભોગ ધર્યો. પછી પીરનું સ્મરણ કર્યુ, એટલે પીર આવ્યો; પણ દ્વાર પાસે શ્રીમહાપ્રભુજીનું અગ્નિ સ્વરૂપ જોઇ, તે ડરી ગયો. તે પાસે આવી શક્યો નહીં. તેણે હાથ જોડીને કહ્યું : 'મહારાજ, તમારી હાજરી હોવાથી આજે હું ભૂખ્યો રહ્યો છું.'

'આજ સુધી તેં ઠાકોરજીના નામે ઘણું ખાધું છે. હવે ફરી અહીં આવીશ નહીં. આવીશ તો બળીને ખાખ થઇ જઇશ.'

પીર ગભરાઇને ત્યાંથી ભાગી ગયો. સમય થતાં માધવદાસે દ્વાર ખોલ્યાં. જુએ છે તો થાળમાં બધી સામગ્રી જેમની તેમ છે. માધવદાસે શ્રીમહાપ્રભુજીને કહ્યુંઃ 'આપના આવવાથી મારા ઠાકોરજી આરોગ્યા નહી. તેઓ ભૂખ્યા રહ્યા છે.' શ્રીમહાપ્રભુજી કંઇ બોલ્યા નહિં. આપ સુંદરદાસના ત્યાં પાછા પધાર્યા.

રાત્રે માધવદાસ સૂઇ રહ્યા હતા, ત્યારે વિષ્ણુદૂતોએ આવીને માધવદાસને જમીન ઉપર પટકી, માર મારવો શરૂ કર્યો. માધવદાસ ધ્રૂજતાં ધ્રૂજતાં પૂછવા લાગ્યા,'તમે મને શા માટે મારો છો? મારો વાંક –ગુન્હો શો છે?'

'તેં શ્રીમહાપ્રભુજીનો અપરાધ કર્યો છે. તેં કહ્યું કે તમારા આવ્યાથી મારા ઠાકોરજી ભૂખ્યા રહ્યા; પણ તને ખબર નથી કે તારો પીર શ્રીમહાપ્રભુજીની હાજરીમાં મંદિરમાં જઇ શક્યો નહિ. તે ભાગી ગયો. રોજ તે પીર જ બધું ઝાપટી જતો હતો. અત્યાર સુધીમાં આજે જ તારા ઠાકોરજી આરોગ્યા છે.'

માધવદાસે કહ્યુંઃ 'મને છોડી દો. હું સવારે શ્રીમહાપ્રભુજી પાસે જઇ, મારા અપરાધની ક્ષમા માગીશ. તેમનો સેવક થઇશ.'

સવારે માધવદાસ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. પોતાના અપરાધની ક્ષમા માગી. શ્રીમહાપ્રભુજી તેમના ઉપર પ્રસન્ન થયા. તેમના ઘેર પધારી તેમને બ્રહ્મસંબંધ કરાવ્યું. શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી, ભોગ ધરી, પોતે ભોજન કર્યુ. પછી માધવદાસને આજ્ઞા કરી, 'ગામમાં જેટલા વૈષ્ણવ હોય તે બધાંને મહાપ્રસાદ લેવા બોલાવી લાવો.'

'મહારાજ આ ગામમાં ઘણાં વૈષ્ણવો છે. મહાપ્રસાદ થોડો છે. બધાંને કેવી રીતે પહોંચશે?'

'માધવદાસ તમે મૂર્ખ છો.મહાપ્રસાદનું સ્વરૂપ જાણતા નથી. મહાપ્રસાદ ક્યારેય ઘટે નહિ. મારી આજ્ઞામાં વિશ્વાસ રાખો. બધાંને બોલાવી લાવો.'

તે બધા વૈષ્ણવોને બોલાવી લાવ્યા. શ્રીમહાપ્રભુજીએ દરેક વૈષ્ણવની પાતળમાં મહાપ્રસાદ પધરાવ્યો. સૌએ પેટ ભરીને પ્રસાદ લીધો, છતા મહાપ્રસાદનો થાળ ભરેલો જ રહ્યો. આ જોઇને માધવદાસને ઘણી નવાઇ લાગી.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરીઃ 'માધવદાસ, વૈષ્ણવને દૃઢ વિશ્વાસ જોઈએ. તો જ પ્રભુમાં આશ્રય થાય અને તોજ ભગવદ્પ્રાપ્તિરૂપી ફળ મળે.

સાભારઃ તુલસી ક્યારો

શ્રીમતી શાંતાબેન ઇશ્વરલાલ રાઠોડ (વડોદરા) ના જયશ્રીકૃષ્ણ

# ધેનુકાસુર વધ

વત્સાસુર માર્યો. બધા ગુપચુપ છે. જાણે કાંઇ બન્યું જ નથી. વાતાવરણ પાછું ખુશનુમાં થવા લાગ્યું. વૃંદાવનની હવે નજીક પહોચી રહ્યાં છે. રસ્તામાં મંજરીની મીઠીમીઠી ખુશ્બુ આવવા લાગી. પુષ્કળ વૃક્ષો વનસ્પતિથી વનની ઝાડીઓ મહેંકી ઉઠી હતી. 'લ્યો વૃંદાવન આવી ગયા' પશાકાકા બોલ્યા. બધાનાં ગાડાં છૂટ્યાં. સામાન ઉતાર્યો. નાનાં નાનાં બાળકો ભૂખ્યાં થયા હતા. ગાયો દોહી દૂધ પાયાં. કાનાનાં મિત્રો યુવાન ગોપીઓની સાથે નાની નાની ઝૂંપડી બનાવવા કામે લાગી ગયાં. યશોદા રોહિણીએ ભાતાં છોડ્યાં. પહેલા વૃધ્ધોને જમવા બેસાડ્યાં. ગાયોનાં દૂધ દોહવરાવી છાલીયાં ભરી રોટલા, ઢેબરા, પકવાન વિગેરે જમ્યાં. જોત જોતામાં કેટલીયે ઝૂંપડીઓ તૈયાર થઇ ગઇ. પરિવારને એક એક ઘર આપ્યું છે. સૌના ઘરમાં સૌ ગયા. નંદબાબાનું ઘર ત્યાં પણ મોટું બનાવ્યું છે. મોટી મોટી ગૌશાળાઓ બનાવી છે. ગાયો, ભેંસો, ઘેટાં, બકરાને બાંધ્યા, ત્યાં સાંજ પડી ગઇ. નવા પ્રદેશ, નવી જગ્યા, પણ પોતાના જ લોકો સાથે હોવાથી સૌ નિશ્ચિત હતાં. આજે સૌ મિત્રો એક ઝૂંપડીમાં સાથે સુતા છે. સૂતાં સૂતાં વાતોએ વળગ્યા છે. બીજા દિવસેનો કાર્યક્રમ બનાવ્યો છે. કોઇએ છૂટા પડવું નહિં. ચારે બાજુ બધુંજ અજાણ્યું છે. વત્સાસુરનો દાખલો હજી તાજો જ છે. બધાએ નક્કી કર્યુ કે કાનાનો સાથ છોડવો નહિ.

સવારનાં વહેલાં પહોરે નંદબાવા તો ઊઠી ગયા હતાં. યશોદાજીએ લાપસી રાંધી, ભાત તૈયાર કર્યા. ગૌધન ભેગું થયું. ગોપીઓએ ગાયોને નવરાવી કપાળે ચાંદલા કર્યા. પોતાનાં બાળકોને સુંદર તૈયાર કરી ચાંદલા કર્યા. કૃષ્ણ બલરામની વાત જ ન્યારી છે. આકાશમાં ચંદ્ર શોભે તેવો કૃષ્ણ શોભે છે. બધા બાળકોની આરતી ઉતારી, નજર ઉતારી લાપસીનો કોળીયો ભરાવી યશોદાએ શુકન કર્યા. ઊપાનંદ કાકાક બહુ વૃધ્ધ હતાં. કહે દિકરાઓ વહેલાં ઘર ભેગા થઇ જજો. અજાણી જગ્યા છે. બહુ વાર કરશો નહિ. જુઓ બધા ભેગાજ રહેજો. છૂટાં ન પડશો.' કાનો કહે 'દાદા, તમે ચિંતા ન કરો. હું ને દાઊભૈયા છીએ ને?' ત્યાં ગોમતીમાં થોડા ઘુઘરા લાવ્યા અને સુનંદાને,કમલાને, રેવતી વહુને હાંક મારી. 'લ્યો વહુ બાંધી દો ગાયોને ડોકે. જેથી સાંજે ગાયો ઘરે આવે ને એનાં ઘુઘરા દૂર દૂરથી

સંભળાય. મારા છોરૂડાં થાકયાં પાકયાં વનમાંથી આવે કે સૌ સામા જજો. બાળકો તો ગોમતીદાદીનો પ્રેમ જોઇ રડી ઊઠયાં. મધુમંગલનાં પિતા શાંડિલ્યઋષિએ બાળકોને સ્વસ્તિ મંત્રો બોલી આશિર્વાદ આપ્યા અને કળાયેલ મોરલા જેવા શોભતાં કાનાને વીંટળાઇ પછી સૌ બાળકો ગાયો ચરાવવા ઉપડ્યાં. નવી દિશાઓ છે. નવો પ્રદેશ છે. નવી કેડીઓ છે. ચારે બાજુ વનરાઇઓ છવાયેલી છે. જાત જાતનાં પક્ષીઓ ઊડાઉડ કરે છે. કાનુડે પક્ષીઓનાં અવાજમાં વૃંદાવનનાં પક્ષીઓને કહેવા માંડયું. કોયલરાણીઓ, મીઠુડાંઓ, અમે ગોકુળથી આવીયે છીએ. હવે અહીંજ રહેવાના. અમે તમારા મિત્રો બનવા માંગીએ છીએ. અમને મિત્રો બનાવશો? ત્યા, તો ટુંહું ટુંહું, મીઠું મીઠું, ચી,ચી, પી,પી, ટેહૂક ટેહૂક ને જાતજાતનાં કિલબિલાટ સાથે પક્ષીઓએ ગ્વાલ બાલ કાનુડાને વધાવી લીધા. બાળકો ખુશ થઇ ગયા. 'કાના તેંતો આવતાવેંત દોસ્તી બાંધી લીધી'. સુબગ બોલ્યો. 'જો ભાઇ મિત્ર બનાવવો હોય તો આપણે જ પહેંલો હાથ લંબાવવો પડે. અજાણ્યા ગામમાં રહેવું હોય તો પ્રથમ ત્યાંનાં લોકો સાથે દોસ્તી બાંધવાની. ' કાનાએ પક્ષીઓની ભાષામાં કહ્યું. 'મિત્રો અમને એવી જગ્યાએ લઇ જાવ, જ્યાં અમારી ગાયોને કુંણું કુંણું ઘાસ ચરવા મળે. પાણી પીવા મળે. અમને રમવાનું મળે.' ત્યાં તો મોર બપૈયા ઉડ્યાં જાણે કહેતાં હોય અમારી સાથે આવો. આખું ટોળું પક્ષીની પાછળ પાછળ ચાલ્યું. ત્યાં તો પર્વતોનો રાજા ગિરિરાજ એટલે શુ, ? કોઇ ગામ છે ? 'ના ના આ ગિરિરાજબાબા જગતનાં બધા પર્વતોમાં મોટા છે. મહાન છે.' રત્નભાનુ કહે શું આના કરતાં બીજો કોઇ મોટો નહિ હોય ? કાનો કહે 'ભાઇઓ મોટા કોને કહેવાય ? જે પોતા પાસે છે. તે રાખી ન મૂકતાં બીજાને આપે તે મોટા. જે બીજાને પોતાને ત્યાં આશ્રય આપે તે મોટા. જે બીજાને તૃપ્ત કરે તે મોટા. જે બીજાને હુંફ આપે તે મોટા. એ બધાં કરાતાં આપીને પણ જે મુંગો રહે તે મહાન. ભાઇઓ! ગિરિરાજ બાબા આવા મહાન છે.' આ હા હા ગિરિરાજ પાસે વહેતી યમુના, કિનારે સિંહ, વાઘ, બકરા શિયાળવાં, ઘેટાં, ગાયો, ભેંસો સાથે પાણી પીએ છે.' બાળકો તો જોતાં સ્તબ્ધ થઇ ગયા. 'જો જો કાના ' કાનો કહે 'જુઓ ભાઇઓ, ગિરિરાજ બાબાની મહાનતા. તેને મન સૌ સરખા છે. કેવા પ્રેમથી બધાને એકત્ર કર્યા છે. સૌ વેરઝેર ભૂલી સાથે રહે છે. અરે આ પશુ, પક્ષીઓ, પર્વતો, નદી, તળાવ, સમુદ્ર, વૃક્ષો, વનસ્પતિ, ફૂલો અને આ લીલુડી ધરતી મળી

પ્રકૃતિ થાય. આ પ્રકૃતિ કોણ છે ખબર છે! પ્રકૃતિ તો સૌથી વૃધ્ધા મા છે. તેની પાસેથી તો ખૂબજ શિક્ષણ લેવાં જેવુ છે. કાના આપણા કલાસ અહીં સરસ ચાલે કેમ? સુંદર બોલ્યો'હા આજે જોઇ લ્યો. પછી કાલે કલાસ લઇશુ.' ગાયો ચરાવતાં ચરાવતાં આગળ નીકળવા માંડયું. ત્યાં કાંઇક યાદ આવતાં મધુમંગલ બોલ્યો 'કાના! હવે દૂર નથી જવું. આગળ ખતરો છે. 'કાનો કહે, 'ખતરાનો કરીયે અખતરો. અરે દોસ્ત, એવું તે શું છે!કે તું ગભરાય છે! 'કાના ! મારા બાપુ કહેતાં હતાં કે આ રસ્તે એક રાક્ષસ રહેછે. તેનું નામ ઘેનુકાસુર છે. તેને બહુ મોટો પરિવાર છે. આ બધાનું રૂપકેવું છે, ખબર છે ? ગધેડાનું . બધા ગધેડાઓ જ છે.' ઓ હો...હો... એમાં ગભરાવવાનું શું? આપણે જયાં સુધી સંપીને સંગઠન બનાવીને રહીશું ત્યાં સુધી આપણો વાળ પણ કોઇ વાંકો કરશે નહિ.'

કાનાભાઇની સવારી સાથે બધા ઊપડ્યાં. તાલવન શરૂ થયું. ચારે બાજુ આંબા, આમલી, જાંબુ, કેળ,જમરૂખડી, દાડમડી, નાળિયેરી, આમળાનાં વૃક્ષો, ફળોથી લચી પડતા, હતા. તો જતન કરીને વાવેલાં ગુલાબ, મોગરો, ચંપો, ચમેલી, જુઇ, કેવડાં જેવા ફુલોથી તાલવન મધમધી ઊઠ્યું હતું. ગાયો તો ગાંડી ગાંડી થઇ ગઇ. વાછરાંઓ ગેલમાં આવી ગયાં કાનો કહે, 'ખાવ જેટલા ફળોખાવા હોય તેટલાં. આપણો જ બગીચો છે.'બાળકો ઝાડે ઝાડે ચડીને ફળો ખાય છે. ગાયોએ પણ ખૂબ ખાધું. ત્યાં તો ધેનુકાસુરનો પરિવાર દેખાયો. નાનાં મોટાં ગધેડાનું ટોળું તાલવનમાં પ્રવેશ્યું. કાનાએ સીટી મારી બધાને જાગૃત કર્યા. ધેનુકાસુરે જોયું કે તાલવનમાં કળોનાં ગોટલાં છોતરાનાં ઢગલાં પડયા છે, ફુલો, વનસ્પતિઓ ને નાનાં નાનાં છોડવાનો કચ્ચરઘાણ થયો છે. તે...ને ધુંઆ કુંવા કરતો, નાકમાંથી હિંકોટો છિંકોટો કરતો કૂદયો. ચારે બાજુ પાછલા પગ ઊડાડતો કૂદયો. કાનાને જોંતા તરાપ મારી. કાનો સાધવ હતો. કાનો કૂદીને એની પીંઠ પર બેઠો. બે કાન પકડયા.ઘેનુકાસુરે ગુલાંટ મારી, કાનાએ કાન છોડી પાછલા બે પગ પકડયાં. ગધેડો કૂદયો. કાનાએ પુંછડું પકડયું. કયાંય સુધી ગુલાંટો માર્યે રાખી. ઘડીક કાનો ઉપર તો ઘડીક ગધેડો. લાગ જોઇ કાનાએ પાછલા પગ પકડીને જે ઘુમાવ્યો, જે ઘુમાવ્યો ને ફંગોળીને ઘા કર્યો કે સીધો સાત ગાઊ દૂર પડયો. તેના પરિવારનાં ગધેડા ભાંગભાગ કરવા લાગ્યા. નાના મોટાં

ગ્વાલ બાલે શક્તિ લગાવી બધાને ખૂબ માર્યા. આખુ તાલવન જાણે યુધ્ધનું મેદાન હોય તેવુ બની ગયુ. બધા થાકયા એટલે ઘડીભર બેઠાં. યમુનાજીમાં નહાયા. પછી જમ્યાં. કાનો કહે'ભાઇઓ કાલે પાછા આપણે અહિંયા જ આવીશું. આ તાલવનનાં વૃક્ષો, ફુલોનો કચ્ચરઘાણ નીકળી ગયો છે. પ્રકૃતિમાની ગોદ સૂની  નથી કરવી. આપણે હાથે થયેલું નુકસાન ભરપાઇ કરી દેવાનું છે. જે વૃક્ષો પડી ગયા છે. તેને પાછા ઊગાવશું. આ ખેદાન મેદાન થયેલું તાલાવન પાછું મઘમઘતું કરીશું.''બાળકોએ અનુમતિ આપી. યશોદામાં કહે'કાના! આ ઘેનુકાસુર રાક્ષસ કહેવાય! કાનો કહે 'બાલમિત્રો! જે અક્કલ વગરનો છે. જે પોતાની બુધ્ધિ કોઇપણ કામમાં ચલાવે નહિ. બીજાની બુધ્ધિ પ્રમાણે જ ચાલે. તેથી બીજો તેનો ખોટો લાભ લે. અને ગમે તે કામ કરાવે. જે બીજાની સંપત્તિ, મિલ્કત પર કબ્જો કરે. જુઓને તાલવન એનું પોતાનું માની માલિક બની બેઠો હતો ને! જે બીજાની મહેનતનું ખાય તે ઘેનુકાસુર ગધેડો કહેવાય. તમે ગધેડાને જોયો છે ને ! તેનો માલિક તેને માર મારીને કામ કરાવે.મૂંગે મોઢે માર ખાઇ કામ કરવું પડે. વળી માલિક તેને ખાવા ન આપે ને છોડી દે. જંગલમાં ભટકીને ખાવું પડે. પાછૂ કામ વખતે હાજર થવું પડે. માટે યાદ રાખવાનું કે જેનું હરામનું ખાધુ હશે, ચોરી કરી હશે, બીજાને સતાવીને પચાવી પાડયું હશે તેને ત્યાં ગધેડો થઇ આવવું પડશે અને તેનો માર ખાઇ કામ કરી વસુલ કરી દેવું પડશે. ઘણા મોટા લોકો પણ સમાજનું, મંદિરોનું,દેશનું ધન પોતાનું સમજી હક્ક જમાવે છે. તે બધા ઘેનુકાસુરો જ છે.' બેટા,? કદી કોઇનું કાંઇપણ લેવાની, કે પચાવી પાડવાની ટેવ પાડશો નહિ. નહિ તો ઘેનુકાસુર જેવાં હાલ થશે. વળી કૃષ્ણનાં દુશ્મન બનીશું તે જુદુ. કૃષ્ણની દુશ્મનાવટ સારી નથી. જોયાને ઘેનુકાસુરના હાલ! ના બાબા આપણને કોઇનું હરામનું કે ચોરીનું ન જોઇએ.

સાભારઃ બાલમુરલી

# || કૃષ્ણ એજ મારી ગતિ હો ||

વિશ્વમાં રાષ્ટ્રધર્મ અને દેવધર્મ મુખ્ય છે અને બન્ને વચ્ચે સામ્ય છે. રાષ્ટ્રધર્મ જે ભૂમિમાં જન્મ મળ્યો તેનું રક્ષણ સંવર્ધન અને વિકાસ એ તેનું પ્રથમ કર્તવ્ય છે. બીજું દેવધર્મ એટલે જ ધર્મના સંસ્કારોથી જીવનની શરૂઆત થઇ તે સંસ્કારોના વારસાને જાળવવો તેનું રક્ષણ અને સંવર્ધન કરવું એટલું જ મહત્ત્વનું છે. ભારતના મોટાભાગના ધર્મો અને સંપ્રદાયો વેદધર્મમાંથી ઊતરી આવેલા છે. દુનિયાના બધા ધર્મોએ સૃષ્ટિના સર્જનહાર ના ગુણ ગાયા છે અને તેના જુદા જુદા સ્વરૂપોને ઈશ્વર તરીકે કલ્પેલા છે, ઇશ્વર એક છે અને તે સૌનો દ્રષ્ટા અને માર્ગદર્શક છે. મહાપ્રભુ શ્રી વલ્લભે પુષ્ટિ માર્ગમાં શ્રી કૃષ્ણને જ પૂર્ણ પુરૂષોત્તમ તરીકે સ્વીકારેલા છે અને તેનું ભજન સ્મરણ અને કીર્તન એજ જીવનો મુખ્ય હેતું છે.

મહાપ્રભુ શ્રી વલ્લભે જગદીશના મંદિરમાં પંડિતોની સભામાં પ્રશ્ન પૂછયા કે કયો દેવ મોટો? કયું શાસ્ત્ર મોટું ? અને કયુ ગીત અને કયો મંત્ર મોટો? તેના નિરાકરણ માટે શ્રીજગદીશના મંદિરમાં શ્રી જગન્નાથજી સમક્ષ ખડીયો કલમ અને કાગળ રજૂ કરવામાં આવ્યાં ત્યારે પંડિતોની સમક્ષ નીચેનો શ્લોક લખાયેલો માલુમ પડ્યો.

**એકં શાસ્ત્રં દેવકી પુત્ર ગીતમ્**

**એકો દેવો દેવકી પુત્ર એવમ્ ।**

**મંત્રોઽપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ**

**કર્મોપ્યેકં તસ્યદેવસ્યસેવા ।।**

દેવકી પુત્ર કૃષ્ણ એ મોટા દેવ તેમને ગાયેલી ગીતા એ શાસ્ત્ર, તેમનું નામ અને તેમનો મંત્ર અને તેમની સેવા એજ ભગવત સેવા.

મહાપ્રભુ શ્રીવલ્લભનું પ્રાગટ્ય કલિયુગમાં થયું. કલિયુગમાં ભગવત સેવા કેમ અને કેવી રીતે કરવી તે પોતે જીવન જીવી બતાવી શીખવાડ્યું છે. કલિયુગમા કૃષ્ણ સેવા અને કૃષ્ણનો આશ્રય સિવાય બીજા સાધનો નિરર્થક છે. સમયનો બગાડ કરવા જેવાં છે.

કળિયુગમાં પ્રભુ પ્રાપ્તિના બધા સાચા માર્ગો નષ્ટ થયા છે. કળિયુગમાં પાખંડ વધ્યું છે. બહાર કહેવા પૂરતો ધર્મ દેખાય, આચરણ ખોટુ હોય જેથી માણસ એમાં ફસાય છે. આવા સમયે ફકત કૃષ્ણ એજ મારી ગતિ હો.

જે પુણ્ય આપવાવાળા સ્થળો છે, તીર્થો છે, તે મલેચ્છ લોકોથી ઘેરાઇ ગયાં છે અને ત્યાં દુષ્ટ અને પાપી લોકોનો વાસ થવાથી તે સ્થાનોની શુદ્ધતા રહી નથી. આવા સમયે

કૃષ્ણએજ મારી ગતિ હો.

સારા માણસો પણ અહંકારમાં મૂઢ થવાથી અને પાપી લોકોને અનુસરનારા થવાથી કર્મ માર્ગમાં કર્તાની પણ વિશુદ્ધતા બિલકુલ રહી નથી. સર્વ જગતના કર્તા કૃષ્ણ એજ મારી ગતિ હો.

મંત્રનું જ્ઞાન ન હોવાથી, વ્રતાદિક યોગ ન હોવાથી, અર્થ અને દેવતા તિરોધાન થવાથી મંત્રો પણ નષ્ટ પ્રાય થઇ ગયાં છે. વૈદિક મંત્રો પણ ફલ સાધક રહ્યા નથી. મંત્રોકત મંત્રોના તાત્પર્યનું જ્ઞાન ન હોવાથી, તેના અર્થ અને દેવતા તિરોધાન થઇ જવાથી તે પણ ફલ સાધક રહ્યા નથી, જેથી કૃષ્ણ જ મારી ગતિ હો.

વેદધર્મનો પ્રવાહ અનેક સંપ્રદાયોમાં વાડાઓ અને મઠોમાં વહેચાવાથી મુખ્ય નદીના પ્રવાહનું જલ જેમ નહેરોમાં વહેચાવાથી મુખ્ય નદીનો પ્રવાહ મંદ પડે છે, તેમ જુદા જુદા વાદોમાં ધર્મની વિચારસરણી વહેચાવાથી કર્મ અને વ્રતોનું ખરું સ્વરૂપ તિરોધાન થઇ ગયું છે. અનેક પ્રકારના વાદોમાં દુરાગ્રહ વધાવાથી કર્મ વ્રતાદિકના બહાના હેઠળ પાખંડમાં પ્રયત્નવાળા થયેલાં છે. આ રીતે કાલ, દેશ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ એ છ શુદ્ધ ન હોવાથી કર્મ માર્ગથી આ સમયમાં કલ્યાણનો કશો સંભવ નથી. જેથી કૃષ્ણ જ મારી ગતિ હો.

સર્વ દેવો પ્રાકૃત છે. દેવો પ્રકૃતિને વશ છે. સત્ય લોકો સુધી સર્વે પ્રકૃતિને વશ છે. બધા લોકોમાં શ્રેષ્ઠ અક્ષર બ્રહ્મ છે. અક્ષરબ્રહ્મ ગણિતાંનંદ છે અને શ્રી કૃષ્ણ પૂર્ણાનંદ છે. શ્રી કૃષ્ણની સેવાની બરોબર એકેય નથી જેથી નામ અને સ્વરૂપ શ્રીકૃષ્ણના જ સર્વોપરિ છે, જેથી શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો.

વિવેક-ધૈર્ય અને નવધા ભક્તિથી રહિત વિશેષ કરીને પાપમાં આસકત સાધન વગરનો દીન બની કૃષ્ણનો જ આશ્રય સ્વીકારવો. ધાર્મિક સાધન સંપત્તિવાળાનો ભાવ મર્યાદા પુરૂષોત્તમ સુધી પૂછાત છે પણ ત્યાં સુધી કોઇ કીનદયાળ થઇ શકતું નથી. દીનદયાળ તો અક્ષરાતીત પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ જ છે એટલે એમનો શરણ વિના રસ્તો સુઝે નહિ, જેથી શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો.

ભક્તને પ્રભુનો આશ્રય અને પ્રભુ સેવા સિવાય કોઇ ઇચ્છીત હોતું જ નથી અને જો કોઇ ઇચ્છા હોય તો તે સર્વ સામર્થ્ય સહિત અને સર્વ ઠેકાણે સર્વ આપનાર અને સર્વમાં રહેલાને રૂડી રીતે ઉદ્ધાર કરનાર શ્રીકૃષ્ણને વિજ્ઞાપ્તિ કરૂ છું. અને એમાંજ શ્રેય છે, જેથી શ્રીકૃષ્ણ મારી ગતિ હો.

કૃષ્ણાશ્રય સ્તોત્રનો પાઠ કૃષ્ણની સાંનિધ્યમાં કરવાનું શ્રીમદ્ આચાર્ય શ્રીવલ્લભે કહ્યું છે. અને તે પ્રમાણે કરવાથી શ્રીકૃષ્ણનો આશ્રય સિદ્ધ થશે એમ પાકો વિશ્વાસ રાખવા. શ્રી કૃષ્ણના મુખારવિંદ સ્વરૂપ શ્રી આચાર્ય શ્રી મહાપ્રભુ વલ્લભનું ભક્ત પ્રત્યે વચન છે. જે સર્વ રીતે શ્રીકૃષ્ણ જ મારી ગતિ અને મતિ હો.

**સાભારઃ વલ્લભ રસ**

# સર્વેશ્વરની સામગ્રી

## બદામ પૂરી



સામગ્રી

૧ મોટી વાટકી બદામ

૧/૪ (૩) ચમચી દળેલી ખાંડ

ચપટી – એલચી પાઉડર

બે નાની ચમચી દૂધ

સેકવા માટે નોનસ્ટીક તવી – તવો

રીત

બદામને લઇને એક વાસણમાં પાણી ગરમ કરવા મુકી, બદામ ઊમેરી ઊકળવા દેવુ. ૧૦ મીનીટ કે તેથી વધારે સમય ઊકળવાથી, બદામ પરના છોડા ઊતરવા લાગશે. એટલે ઊતારી લેવું. થોડી ઠંડી પડ્યા પછી. તેના છોડા ઊતારી લેવા અને કોરી કરવી. ત્યાર પછી તેનો ભૂકો કરી લેવો.આ ભૂકામાં દળેલી ખાંડ ઊમેરવી અને બરાબર એકરસ કરવું, ત્યાર પછી તેમાં એલચી પાઊડર પધરાવવો અને દૂધ ઉમેરી લોટ જેવુ કઠણ પૂરણ તૈયાર કરવું. આ લોટમાંથી નાના– નાના લૂઆ લઇ પૂરી વણી લેવી. ખાસ ધ્યાન રાખવું કે પૂરી પાતળી ન થઇ જાય. પૂરી વણી તેણે નોનસ્ટીક તવી પર બન્ને બાજુ ગુલાબી રંગની શેકી લેવી. ઠંડી પડે એટલે પ્રભુ ને સુંદર સજાવટ કરી ધરવી.

# સેવામાં આવતા નડતરો

પ્રા. રમેશભાઇ વિ. પરીખ

**પ્ર.: કેટલીક વખત એવું જોવા મળે છે કે આપણને સેવા કરવાની ઇચ્છા હોય, છતાં કોઇક એવું નડતર આવે કે સેવા થઇ શકે નહિ. આ નડતર વિષે થોડી સમજૂતી આપશો.**

**જ.:** જેને આપણે લૌકિક ભાષામાં નડતર કહીએ છીએ તેને સેવાની પરિભાષામાં પ્રતિબંધ કહેવામાં આવે છે. શ્રીમહાપ્રભુજી 'સેવાફળ' ગ્રંથમાં સેવામાં નડતા ત્રણ પ્રતિબંધો બતાવે છે : (૧) ભોગ (૨) ઉદ્વેગ (૩) પ્રતિબંધ.

**ભોગ બે પ્રકારના છે:** લૌકિક અને અલૌકિક. લૌકિક ભોગ એટલે દુનિયાના મોજશોખ, ખાનપાન, આનંદ-પ્રમોદ વગેરે. આપણી કામવાસના અને તેનો ભોગ પણ લૌકિક ભોગ છે. આ બધા લૌકિક ભોગ આપણને તેમનામાં ડુબાડી દે છે. આપણી ન્દ્રિયો અને મન એમાં એવાં લાગી જાય છે કે તે વિના આપણને બીજું કંઇ સૂઝતું નથી. આપણે તેની પાછળ પાગલ જેવા બનીએ છીએ. ઘણી વાર તેને કારણે માણસ તેની જવાબદારીઓ પણ યોગ્ય રીતે બજાવી શકતો નથી.આવી સ્થિતિમાં આપણે સેવા કરી શકતા નથી; કારણ કે આપણને સેવા કરવાની ઇચ્છા જ થતી નથી. કોઇ સેવા કરવાનું કહે તો અનેક બહાનાં બતાવી, તેનો ઇન્કાર કરીએ છીએ. મુખ્યત્વે આપણા જીવનમાં સેવા ન બનવાનું આ જ કારણ છે.

**સેવામાં બીજું નડતર ઉદ્વેગનું છે.** ઉદ્વેગ પણ બે પ્રકારનો છે. લૌકિક ઉદ્વેગ અને અલૌકિક ઉદ્વેગ. લૌકિક ઉદ્વેગ આપણી સાંસારિક ચિંતાઓમાંથી, કાર્યોમાં મળતી નિષ્ફળતાઓ અને નિરાશાઓમાંથી, ઇચ્છેલો ભોગ પ્રાપ્ત ન થવામાંથી થાય છે. આ ઉદ્વેગ આપણા મનમાં ટેન્શન જન્માવે છે. તેમાંથી વ્યથા થાય છે, ચિત્ત અશાંત અને અસ્વસ્થ બને છે. તે કોઇ પ્રવૃત્તિમાં લાગતું નથી. ક્યારેક આવા માણસને આપઘાત કરવાના વિચારો પણ આવે છે. માનસિક રોગોનો માણસ ભોગ બને છે. આવી માનસિક અસ્વસ્થ સ્થિતિમાં સેવા થઇ શકતી નથી, કારણ કે સેવા માટે ચિત્તમાં જે પ્રસન્નતા અને એકગ્રતા જોઇએ, તે આવી સ્થિતિમાં શક્ય નથી. આને લીધે પણ ઘણા સેવાથી વિમુખ થાય છે.

ઉપર અલૌકિક ભોગ અને અલૌકિક ઉદ્વેગ બતાવ્યા. અલૌકિક ભોગ અને અલૌકિક ઉદ્વેગ, આ બંને સેવામાં પ્રતિબંધ કરતા નથી, બલકે સેવામાં સહાય કરે છે. અલૌકિક ભોગ એટલે સેવા સ્મરણથી મળતું અલૌકિક ભગવત્સુખ. આ ભગવત્સુખ આપણને સેવામાં વિશેષ તત્પર કરે છે. અલૌકિક ઉદ્વેગ એટલે પ્રભુને મળવાનો વિરહતાપ. તે પણ આપણને સેવામાં વિશેષરૂપે જોડે છે.

આપણને સેવામાંથી રોકનાર **ત્રીજું પરિબળ છે પ્રતિબંધ અર્થાત્ રૂકાવટ.** પ્રતિબંધ પણ બે પ્રકારના છે: લૌકિક પ્રતિબંધ અને ભગવાન દ્વારા થતા પ્રતિબંધ. આપણને માંદગી આવે, સૂતક આવે, ધંધા માટે બહારગામ જવું પડે, સામાજિક પ્રસંગોમાં હાજરી આપવી પડે, આ બધા લૌકિક પ્રતિબંધો છે. તેમને કારણે આપણી સેવા છૂટે છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આવા પ્રતિબંધો શ્રીઠાકોરજી આપણી સેવા માટેની તત્પરતા અને દૃઢતાની કસોટી કરવા આપે છે અથવા ક્યારેક વિરહનું દાન કરવા આપે છે.ક્યારેક સેવામાં થયેલા અપરાધને લઇને પણ આવા પ્રતિબંધ આવે છે. આવા પ્રતિબંધો આપણી બુદ્ધિથી દૂર કરવા જોઇએ. તેમાંથી સેવા માટેની અનુકૂળતા શોધી લેવી જોઇએ. આવા પ્રતિબંધોને વશ થઇને સેવા છોડી દેવી ન જોઇએ. સેવાનો વિશેષ આગ્રહ રાખીને આ પ્રતિબંધોનો સામનો કરવો જોઇએ.

ભગવત્કૃત પ્રતિબંધો પ્રભુએ આપેલા પ્રતિંબધો છે. ક્યારેક સેવાનો આપણો અધિકાર ન હોય અથવા શ્રીઠાકોરજી કોઇ કારણસર આપણી સેવા લેવા ઇચ્છતા ન હોય, ત્યારે શ્રીઠાકોરજી એવી લીલા કરે છે કે આપણે સેવા કરી શકીએ જ નહિ. આપણા બધા પ્રયત્નો નિષ્ફળ જાય. જ્યારે આવું બને ત્યારે તેને ભગવદિચ્છા માનીને સ્વીકારી લેવી જોઇએ. આવા સંજોગોમાં સેવાનો હઠાગ્રહ ન રાખવો. સેવાના બદલે શ્રીભાગવતનો પાઠ કરવો, સ્તોત્રપાઠ અને અષ્ટાક્ષરના જાપ કરવા. કથાશ્રવણ, કીર્તન અને સ્મરણ કરવાં.

ઉપર પ્રમાણે ક્યા કારણસર આપણે સેવા કરી શકતા નથી તેનો બરાબર વિચાર કરી, તે કારણોને દૂર કરી સેવામાં લાગવું જોઇએ.

**સાભારઃ પષ્ટિમાર્ગની પગદંડી**

# શ્રી ગુસાંઈજી પરમદયાલની અનન્ય કૃપા

ગોકુળના મંદિરમાં શ્રીગુંસાઇજી નિજ બેઠકમાં બીરાજ્યા છે. ખવાસને બૂમ પાડે છે. 'મુકુંદા' 'જી અન્નદાતા...' કહી, ધોતી ઉપરણો પહેરેલો યુવાન ખવાસ, મુકુંદ સન્મુખ આવે છે,

આપશ્રી આજ્ઞા કરે છે, 'મુકુંદ ! કુંભનદાસને સમાચાર આપ્યા છે ને કે એમને અમારી સાથે દ્વારિકાપુરીની યાત્રાએ આવવાનું છે ?'

મુકુંદ બોલ્યો, 'જી, અન્નદાતા પણ મેં સાંભળ્યું છે કે એમનું મન યાત્રાએ જવા હજી તૈયાર નથી.'

આપશ્રી પૂછયું 'અમારી સાથે આવવામાં શી તકલીફ છે ? અમને જાણવા મળ્યું છે કે એમને સાત દિકરાઓ અને સાત વહુઓ છે.સાથે ભત્રીજી પણ છે. મોટો પરિવાર છે. હાથ હમેશાં ભીડમાં રહે છે. નાની શી ખેતીમાંથી બધાંનું ગુજરાન બરાબર થતું નથી. અમારી સાથે પરદેશ કરશે તો બે પૈસાનો લાભ થશે.

'પણ એમને શ્રીનાથજીની સેવા છૂટવાનું ઘણું દુઃખ છે.'

'બે-ચાર દિવસમાં ટેવાઇ જશે. અમારી સાથે આવવામાં પણ ભગવદ્ સેવા જ છે, જા એમને કહે કે આજની સેવા પહોંચી ઘેર જાય. કાલે અપ્સરા કુંડ પર અમારો પડાવ છે. ત્યાં આવી પહોંચે.'આપશ્રીએ આજ્ઞા કરી.

'જી.....'કહી, પ્રણામ કરી ખવાસ ચાલ્યો ગયો.

બીજા દિવસે શ્રીગુંસાઇજીનો પહેલો પડાવ શ્રીગિરીરાજજી પાસે અપ્સરા કુંડ પર હતો. દસ -બાર પાલ (તંબુ) લાગેલા છે. એક મોટા પાલમાં શ્રી ગુંસાઇજી બીરાજ્યા છે. સામે કેટલાક સેવકો સેવાટહેલમાં છે. આપશ્રીએ આજ્ઞા કરીઃ

'ગોવર્ધન, કુંભનદાસ દેખાતા નથી ! જરા બોલાવો....તો.'

'મહારાજ, એ તો ગોવિંદ કુંડ પર બેઠા બેઠા રડે છે. શ્રીગોવર્ધનનાથજીના વિરહથી ખૂબ દુ:ખી છે. જાણવા મળ્યું છે કે કાલે રાત્રે ભોજન પણ લીધું નથી.'

આ સાંભળી શ્રીગુંસાઇજી ઊભા થયા. સ્વયં કુંડ તરફ પધરાવવા ડગ માંડ્યાં. ત્યાં

કુંભનદાસજીનો આર્તસ્વર સંભળાયોઃ

**કેતે દિન હ્વૈ જુ ગયે બિનુ દેખેં।**

**તરૂન કિશોર રસિક નંદનંદન કુક ઉઠતી મુખરેખેં ।।**

**શ્યામ સુંદર મિલિ સંગ ખેલન કી, આવત જિયેં અમેંખેં।**

**'કુંભનદાસ, લાલ ગિરીધર બિનુ, જીવન જનમ અલેખેં ।।**

શ્રીગુંસાઇજી પાસે પધાર્યા. જુએ છે તો કુંભનદાસ ખરેખર ટુવાલ આંખે ઢાંકી, ઉદાસ સ્વરે ગાતા હતા. આપશ્રીએ ટુવાલ ખસેડયો. કુંભનદાસ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. આપશ્રીના ચરણ પકડી લીધાં. શ્રીગુંસાઇજી પણ આ જોઇ ભાવવિભોર થઇ ગયા. આપશ્રીએ એમના માથે હાથ ફેરવતાં આજ્ઞા કરી કુંભનદાસ, તમારો પરદેશ પૂરો થઇ ગયો. જાઓ મંદિરમાં જઇને શ્રીનાથજીનાં દર્શન કરો. કીર્તન સેવા કરી પ્રભુને રીઝવો.

આ આજ્ઞા સાંભળી કુંભનદાસ આશ્ચર્ય સાથે આપશ્રીના મુખારવિંદ તરફ તાકી રહ્યા. એમના ચિત્તને પરમ શાંતિ થઇ. દંડવત કરી ઊભા થયા. થોડે દૂર દેખાતા શ્રીગિરીરાજ તરફ નજર કરી અને મુઠીઓ વાળી તે બાજુ દોડયા. જ્યારે મંદિર પહોચ્યા, ત્યારે ઉત્થાપનનો સમય થયો હતો, તેમણે શ્રીનાથજીના દર્શન કર્યા. ભાવ વિભોર થઇ કીર્તન ગાયું.

**જો પૈ ચોંપ મિલનકી હોઇ ।**

**તો હર્યો રહ્યો પરૈ બિનુ દેખે લાખ કરો દિન કોઇ ।।**

શ્રીનાજીએ પ્રસન્ન થઇ આજ્ઞા કરી 'કુંભન !તું જેમ મારા વિના નથી રહી શકતો, એમ હું પણ તારા વિના નથી રહી શકતો. હવે હું તને હમેંશા મારી પાસે રાખીશ.

કુંભનદાસ હાથ જોડી, આંસુ સારતા રહ્યા.

# પ્રેમના ભુખ્યા

વૃંદાવનમાં બિહારીજીની અનન્ય ભક્ત હતી. નામ હતું કાંતા બાઇ.

બિહારીજીને પોતાનો લાલો કહેતી હતી. એને લાડ દૂલાર સાથે રાખતી હતી અને દિવસરાત એની સેવામાં લીન રહેતી હતી.

એની શું હિંમ્મત કે લાલાને જરાપણ તકલીફ થાય.

એક દિવસની વાત છે. કાંતાબાઇ પોતાના લાલાને આરામ કરાવી પોતે પણ થોડી વાર આરામ કરવા લાગી. ત્યારે તેને જોર જોરથી હીંચકી આવવા લાગી અને એ એટલી વ્યાકુળ થઇ ગઇ કે એને કોઇ સુઝ પડતી નહતી. એટલામાં કાંતાબાઇની દિકરી એમના ઘરે આવી જેનો વિવાહ પાલેના ગામમાં થયો હતો. ત્યારે કાંતાબાઇની હિચકી બંધ થઇ ગઇ.

ત્યારે તે એકદમ સ્વસ્થ અનુભવ કરવા લાગી. તો એને પોતાની પુત્રીને આખી વાત સમજાવી કે એ હિચકીમાં એકદમ આકુળ વ્યાકુળ થઇ ગઇ હતી.

ત્યારે તેની દિકરી એ કહ્યું કે માં તુ મને સાચા મનથી યાદ કરી રહી હતી એને લીધે તને હિચકી આવી રહી હતી અને હું આવી છું તો તારી હિચકી બંધ થઇ ગઇ.

કાંતાબાઇ દંગ થઇ ગઇ. કે એવા પણ મેલ હોય કે જયારે આપણે કોઇને સાચા દિલથી યાદ કરતા હોય તો એને હિંચકી આવે.

ત્યારે કાંતાબાઇ એ વિચાર્યું કે હું તો પલ પલ મારા શ્રી ઠાકોરજી ને યાદ કરતી રહું છું. તો મારા લાલાને કેટલી હિચકી આવતી હશે ?

આય હાય મારો નાનો લાલો હિચકીમાં કેટલો આકુળ વ્યાકુળ થઇ ગયો હશે. નહી આવું ના હોય હવે થી હું મારા લાલાને ક્યારે પણ પરેશાન નહીં કરું.

એ દિવસથી કાંતાબાઇ એ ઠાકોરજીને યાદ કરવાનું છોડી દીધું. પોતાના લાલાની સેવા એને પોતાની દિકરીને આપી દીધા. પરતું કાંતાબાઇ એ એક પલ માટે પણ પોતાના લાલાને યાદ કર્યા નહી. એવું કરતા કરતા એક અઠવાડિયું વિતી ગયું. અને એક દિવસ...

કાંતાબાઇ સુઇ રહ્યા હતા ત્યારે સાક્ષાત બાંકે બિહારી કાંતાબાઇના સ્વપ્નમાં આવ્યા અને કાંતાબાઇના પગ પકડી ને ખુશીના આસું સાથે રડવા લાગ્યા.

કાંતાબાઇ એકદમ ભાંગી જાય છે અને ઉઠીને પ્રણામ કરીને રડતા રડતા કહેવા લાગી કે પ્રભુ આપ તો એને પણ મળતા નથી જે સમાધિ લગાવીને તપ કરતા હોય છે અને હું તો પાપણ છું કેમ કે આપને યાદ કરવાનું પણ છોડી દીધું તો પણ આપ મને દર્શન દેવા કેવીરીતે આવીગયા?

ત્યારે બાંકે બિહારીજીએ હસીને કહ્યું કે માં કોઇ મને યાદ કરે છે તો એની પાછળ કોઇ વસ્તુનો સ્વાર્થ હોય છે. અથવા કોઇ સાધુ મને યાદ કરે છે તો એની પાછળ એની મુક્તિનો સ્વાર્થ છુપાયેલો હોય છે.

પરંતુ માં ધન્ય છું તુ પહેલી ભક્ત એ વિચારીને મને યાદ કરવાનું બંધ કર્યુ કયાંક મને હિચકીથી પરેશાની ના થાય. મારી આટલી પરવાહ કરવાવાળી માં મે પહેલી જોઇ.

ત્યારે કાંતાબાઇ પોતાનું માટીથી બનેલું શરીર ત્યાગીને લાલામાં લીન થઇ ગઇ.

**એટલા માટે બંધુઓ શ્રીઠાકોરજી તમારી ભક્તિ અને પ્રસાદના ભૂખ્યા નથી. એતો પ્રેમના ભુખ્યા છે.**

## જપમાળાના મણકા ૧૦૮ કેમ છે?

પ્રભુના અંગ બાર

અલૌકિક સૂર્યના બિંબ બાર

આપણું શરીર પાંચ તત્વોનું બનેલું છે. પૃથ્વી, જલ તેજ, વાયુ અને આકાશ તથા શરીરમાં અંતઃકરણ છે. તે ચાર તત્ત્વો મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આમ કુલ નવ તત્ત્વો થયા.

નવ તત્ત્વોથી પ્રભુના દ્વાદશ અંગનું દશ શક્તિઓનું ધ્યાન કરવાનું છે, તેથી ૯ ને બારે ગુણીએ તો ૧૦૮ થાય, માટે આપણી જપ

# કીર્તન પદ

**तरहेटी श्री गोवर्धन की रहीये ।**
**नित्य प्रति मदन गोपाल लालके, चरन कमल चित लहीये ।। १।।**
**तन पूलकित ब्रज रजमें लोटत, गोविंद कुंडमे नहीये ।**
**'रसिकप्रितम' हित चितकी बाते, श्री गिरधारीजीसो कहीये ।।२।।**

**ભાવાર્થ**

રસિક પ્રીતમ આ પદમાં શ્રી ગોર્વધનની તળેટીમાં નિવાસ કરીને રહીએ તો જીવન સાર્થક બને આવું સૂચન કરે છે. આ સ્થાન પ્રભુની અનેક લીલાઓની સ્મૃતિ કરાવે છે. જેવી રીતે શ્રીમદ્ ગોકુલ, વૃંદાવન, શ્રી યમુનાજી આ બધા સ્થાનો છે તેમ અત્રેની અતિ અદભૂત લીલામાં,ગૌચારણ,લીલામાં,છાકલીલામાં મધ્યાન વિશ્રામ દાન લીલામાં, ગોવર્ધનની શિખરેથી ટેર દઇને સખાઓને એકત્ર કરી,મહિયારી મહી વેચવા જાતી, તેના દાન લીધા તેમજ પૂર્વ ભાગમાં જતીપુરા ઉપરના ભાગમાં શ્રીજી બિરાજી રહ્યાં હતા. હાલ મેવાડમાં અજબ કુંવરીના ભાવથી ત્યાં બિરાજે છે. જતીપુરા રોજ મુખારવિંદ પર આખો દિવસ સ્નાન, પૂજન, ભોગ ધરાવવાનું ચાલુ જ રહે છે. સાંજે શૃંગાર ધરાય છે. તેની ભાવના એવી છે કે શ્રીજી શયન વ્રજમાં આવીને કરે છે. સાંજના તળેટીમાં વૈષ્ણવો બેસી દર્શન, કીર્તનનો લાભ લે છે. તળેટીમાં વ્રજરજમાં લોટતા અતિ આનંદ આવે છે. વળી ગોવર્ધન લીલા વખતે શ્રી ઠાકોરજીયે નંદબાવાએ કહ્યું હતું કે ગોવર્ધનની તળેટીમાં અમે રોજ ગાયો ચરાવવા જઇએ ત્યારે ત્યાં છાક આવે છે. અમો ગ્વાલ બાલો સાથે તળેટીમાં લીલા લીલા ઘાસમાં, કદમ, વૃક્ષોની છાંયામાં ભોજન કરવાં બેસીએ છીએ. ત્યારે અખિલ લોકનો નાથ ગિરિરાજ અમારી સાથે બેસી ભોજન કરે છે. બાબા તમે ગોવર્ધનની પૂજા કરો. પછી ભોગ ધરશો ત્યારે હું તમોને આ દેવને બોજન કરતાં બતાવીશ. તે મુજબ પ્રભુએ દર્શન કરાવ્યા હતા. પૂર્વ તરફ આન્યોરમાં સદુપાંડેના ચોતરા ઉપર શ્રી મહાપ્રભજી બિરાજ્યા હતા તે તળેટી જ છે. શ્રીજી ઉપર બિરાજ્યા હતા ત્યારે દૂધ લાવવા કહ્યું હતું. હાલ ત્યાં જ શ્રી

**(અનુસંધાન પાન ૧૧)**

# પુરૂષોત્તમ માસ (અધિક)માસ ના શ્રી પ્રભુના મનોરથો ની ઝાખી

(શ્રી કલ્યાણરાયજી મંદિર,વડોદરા / શ્રી કલ્યાણપુષ્ટિ મંદિર, વસ્ત્રાપુર / શ્રી મહાપ્રભુજી બેઠક, નરોડા)












## પ.પૂ.ગો.૧૦૮ શ્રી શરણમકુમારજી મહોદયશ્રી ના જન્મદિનની ઉજવણીના સંસ્મરણો...





## પૂ. મહારાજશ્રીની અધ્યક્ષતામાં શ્રી વલ્લભવિધિ યુ.કે. - હિન્દુ સનાતન મંદિર વેમ્બલીમાં રામકથા નો શુભારંભ અને શ્રીજી ધામ લેસ્ટર ખાતે મનોરથ...




પ્રથમવાર ષષ્ઠપીઠ શ્રી કલ્યાણરાયજી મંદિર ના પાટાગંણ માં પરમ પવિત્ર પુરૂષોત્તમ માસમાં ષષ્ઠપીઠાધીશ્વર પ.પૂ.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી ના મનોરથ સ્વરૂપે પુરૂષોત્તમ યજ્ઞ ના સંસ્મરણો...

Book Packets Containing Periodical

To, ____________________

____________________

____________________

**If not Delivered Please Return to :**
Pusti Pragya Office, Shashth Pith,
Shree Kalyanraiji Mandir, Bajwada,
Vadodara - 390 001. Gujarat, INDIA
Ph. : 0265 242 7002

D# Shree Kalyanraiji Mandir